ૐ

શ્રી પરમાત્મને નમઃ

નાટયરસ-રાગમંડલ.

અથવા

ગમ્મતની-ગુફા.

જેમાં

જુદા જુદા, નાટકોમાંથી, જુદા જુદા રાગોના ઉરદુ તથા ગુજરાતી, બેઠકોમાં ગવાતાં ગાયનોનો મ્હોટો સંગ્રહ કરેલો છે.

શોખીન પ્રજાની સગવડતા ખાતર

છપાવનાર

રાજગોર વેલજી લાલજી

ઠે. કચ્છી ગલ્લી-કરાંચી.

તથા

ભાટીયા આશુમલ દેવીદાસ જેસલમીરવાળા.

આવૃત્તિ ૧ લી.   પ્રત ૧૦૦૦ (હજાર)

સને ૧૯૧૬

કીંમત બાર આના.

ૐ

વિવિધ રંગ નાટ્ય વાડીનાં, નવલ પુષ્પો ખીલેલાં જે
મધુકર મોજીલા માટે, યથાક્રમથી વિણેલા, છે
એને આદરથી સ્વિકારી, મધુર એ આશ અમારી છે.

કૃશ્ન મુખારની.

પ્રસ્તાવના.

નીતિ અને બોધદાયક, ઇતિહાસીક વાર્તા કે નોવેલો જેટલી અસર જનસમૂહનાં મનપર કરે છે તેથી વિશેષ પ્રમાણમાં સંગીત નાદ (ગાયન)ની અસર થાય છે. આજકાલ જેમ સંગીતને નિંદવામાં કે હલકું ગણવામાં આવે છે, અથવા તો ગાયન ગાવાનું કામ વેશ્યા કે હલકી વર્ણના લોકનું છે, એવું બતાવવામાં આવે છે તેમ આગળ નહોતું, આગળ સંગીતનો પ્રચાર તો એટલો પ્રિય ને માનનીય હતો કે મોટા મોટા રાવરાણાનાં દરબારમાં પૂર્ણ આદરને પામતો હતો, એટલું જ નહિં, પણ આપણા પૂર્વાચાર્યોએ શાસ્ત્રમાં પણ નાદ મહત્તા બતાવતા કહ્યું છે કે,

માલીની.

સુખીનો સુખનિદાન દુઃખીતાનાં વિનોદ
શ્રવણ હૃદય હારી મન્મથ સ્યાગ દૂતઃ
અતિ ચતુર સુગમ્યો વલ્લભઃ કામિનીનાં
જયતી જગતી નાદઃ પંચમ શ્ચાપ વેદઃ

સુખી લોકોને સુખનાં કારણરૂપ દુઃખી જનોને વિનોદ આપનાર કાન અને મનને ખુશ કરનાર કામદેવનો આગેવાન દૂત અતી ચતુર પુરૂષોથી કદર કરાએલો સ્ત્રીઓને પ્રિય એવો જે પાંચમો ઉપવેદ નાદ જગતમાં જયવંતો વર્તે છે. આ પ્રમાણે આપણા પૂર્વાચાર્યો તરફથી મહત્તા પામેલો સંગીત જેવો ગુણ નિધાન વિષય આટલે દરજે હીન પદ પામ્યો છે એ શોકમય નહીં તો શું ! જે નાદમાં કૃષ્ણ પરમાત્મા જેવા પણ તલ્લીન થઇ યમુના તટપર મધુર મોરલીની ધુન જગાવતા ત્યારે ગોપીવૃંદ તો શું પણ યમુનાનાં નીર સરખાં પણ શાન્ત થઇ શ્રવણ કરતા હતા તેજ નાદની ધુન ગીરી ગુફાઓમાં, મોટા રૂષિ-મુનીઓનાં આશ્રમમાં કે શિવ બ્રહ્માદીક દેવોનાં મંદિરમાં પણ પ્રણવ-રૂપે બ્રહ્મનાદ ગાજી રહેતો હતો. પ્રત્યક્ષ પ્રમાણોથી પણ આપણે જોઇએ છીએ તો, હરણ જેવું જંગલી અને ચંચળ પ્રાણી પણ નાદ ઉપર પોતાના પ્રાણ આપે છે. નાગ જેવું ઝેરી પ્રાણી પણ નાદપર પરવશ થાય છે, વિશેષ આ જગતમાં તરતનું જન્મેલું બાળક કે.જે તમામ સંસારના વિષયોથી અજ્ઞાન છે. તે પણ શારીરીક કે માનસીક વ્યાધીથી પારણા-માં રડતો હોય છે, ત્યારે તેની માતા મધુર સ્વરે હાલરડું ગાવા માંડે છે કે, તરત જ તે શાન્ત ચિત્તે પોતાનું રડવું બંધ કરી સાંભળે છે.

આવાં રસીલાં અને ઉત્તમ સંગીતમાં જે માણસ તલ્લીન થાય છે, તે તો આખા જગત વહેવારને નાદરૂપે જ નિહાળે છે. ને તેથી જ કોઇ કવીએ કહ્યું છે કે:—

તંત્રી નાદ કવિતરસ સરસ રાગ રતી રંગ
અન બુડે બુડે તરે જો બુડે સબ અંગ

મને મારી બાલ્યાવસ્થાથી જ રસીલાં ગાયનો ગાવાનો અને સંગ્રહ કરવાનો શોખ થયો. પરિણામે જેમ જેમ આપણા શહેરમાં નામાંકિત નાટક મંડળીયો ઉર્દુ તથા ગુજરાતી આવતી ગઇ, તેમ તેમ મારો શોખ પણ વૃદ્ધિ પામતો ગયો. દરમ્યાન મારા તરફથી સંગ્રહ કરાયેલ ભિન્ન ભિન્ન નાટકોનાં રશીલાં ગાયનોની ક્રમવાર ભિન્ન ભિન્ન નામથી ત્રણ બુકો જન સેવા વચ્ચે મૂકવામાં આવી. સુભાગ્યે તે શ્રમ ફળીભૂત પણ થયો. આજથી કેટલાક માસના વાતપર મારા મિત્રો તરફથી એક તેવું જ બીજું પુસ્તક બહાર પાડવાની ઉપરા-ઉપરી માગણી થતાં આ મારૂં ચોથું પુસ્તક (નાટયરસ રાગમંડલ અથવા ગમ્મતની ગુફા)ના નામથી જન સેવામાં મૂકવાની ઇચ્છા થઇ જે ઇચ્છા શ્રી પરમકૃપાળુ પરમેશ્વરની કૃપાદ્દષ્ટીથી તથા મારા મિત્રો અને ગુજરાતી તથા ઉર્દુ નાટકમંડળીયોની મદદથી આજ પુર્ણ થવાની જે તક હું જોઉં છું તે માટે તેઓનો હું સહ હ્રદયથી આભાર માનું છું. તેમ જ દરેક શોખીન સદગ્રહસ્થોએ મારાં જે અગાઉનાં પુસ્તકો તરફ જેમ ઉદાર ને પ્રેમવૃત્તિ દર્શાવી છે તેવી જ રીતે આ પુસ્તક તરફ પણ ગુણગ્રાહી હંસની નજરથી નિહાળશે એવી સેવક આશા રાખે છે. મારો આ પ્રયાસ નિર્વઘ્ને પુર્ણ કરવામાં મારા ગુણી મિત્રો ધોકાઇ વેરશીમલ ચાંદુમલ તથા શેઠ હીરાનંદ સેવકરામ તથા ડા. ગોવિંદજી વાલજીભાઇ તરફથી જે જે કીમતી મદદ મળી છે તે માટે હું તેઓશ્રીનો ખરા અંતઃકરણથી આભાર માનુછુ. હું કાંઇ સંગિત વેત્તા લેખક કે કવી છું તેવું બતાવવાનો મારો આ ઉદ્દેશ નથીઃ પરંતુ નીતિ, ધર્મ ને બોધરૂપી નાટય ચરિત્રો નિહાળવા બાદ કેટલેક વખતે તમારા હાથમાં તેમાંનો રશીલો ને બોધદાયક કોઇ ભાગ ગાયનરૂપે તમારી દ્દષ્ટિગોચર થતાં પુર્વે વિલોકેલ ચરિત્ર તાદ્રશ્ય થતાં તમારી વૃત્તિ તેમ કરવાને કંઇક અંશે ખેચાય એજ મારો મૂળ ઉદ્દેશ છે. જયશ્રી પરમાત્મ તે પુર્ણ કરો. બનતી કાળજીથી પ્રુફ સુધારવામાં કાળજી રાખવામાં આવી છે, છતાં જો દ્દષ્ટિ દોષને લીધે ભૂલ રહેલી હોયતો તે સુધારીને વાંચવા કૃપા કરવી. સંગીતકળાના શોખીનોને જો અમારો પ્રયાસ પસંદ પડશે, તો હવે પછી પણ વધુ પ્રયાસ કરવા અમો કાળજી રાખીશું. એજ વિનંતિ.

લી० આપનો સેવક,
રાજગોર વેલજી લાલજીના
સહવિનય યથોચિત.

અનુક્રમણિકા.

શ્રી. દેશી નાટક સમાજ.

સતી દમયંતી.

૯ અહો હંસ, સુમિત્ર સંદેશ જરા
૧૮ સાચી પ્રીતિ જળકમળની
૩૩ વિપરીત જગ વ્યવહાર બને
૨૬૯ રતિવતિ જગવતિ, પ્રિય
૨૭૯ ભજગોવિંદ, ભજગોપાલ
૨૮૩ ધન્ય ધન્ય તે, સુકિતજનને
૩૨૦ પડી અજગરને મુખ બાળા
૪૦૪ સરસ, સરસ, જળભર, નૃપઆ
૪૦૯ નીરખો નયનોમાં, મારો નાથ રમે,

સતી દ્રૌપદી.

૩૪૧ ધર્મધુરંધર શ્રી યદુનંદન
૮ ગોવિંદગુણ ગાઓરે
૨૬૪ સખી સ્વપ્ન મહીં
૨૯૩ વારે લાલા મોહનબંન્સીવાલા

રામવિયોગ.

૧૨૩ જાગો રે પિયુપ્યારા રે જગત
૧૯૭ ધર્મધુરંધર, ધિરવીર જય જય
૨૫૭ માતને, તાતની, સાચી સેવામાં
૩૧૦ રે પિતા, શોકફોક, દિલમાંહિરે,
૨૯૬ ખુબી છે કામમાં ગામમાં નામમાં

વિજય કમળા.

૪૨૨ વાલા વચનની વીણા વાગી

સતી સુલોચના.

૪૧૬ અરે મન વૃથા વિચારો કરે
૪૧૪ પિયુની ખબર કોઇ લાવોરે સખી
૪૧૫ આલીઆવી આનંદની વધામણી
૩૯૭ કનકકુરંગ કેવો

ઉદય ભાણુ.

૫૨ રાજવી જાશોના તરછોડીને
૬૮ બોલો મારા પ્રેમી પોપટજી
૯૫ અલબેલા લટકાળા
૧૦૭ અહો દિલદાર, જરી દેદાર
૧૪૦ પંથી પરદેશી, ચિત્ત સોંપી
૧૫૭ રસીલો, રસીલી
૨૪૧ મનમાયાના, કરનારારે
૧૬૩ સાહેબા સલુણા
૨૯૧ પ્રેમદા છે પ્રીતી ભોજન
૨૯૫ કેવી સુંદર સુરત હુંતો વારી જાઉં
૩૭૪ જે કરશે તે ભરશે
૩૭૮ ટાળ્યા નહીંરે ટળે

વિજયા વિજય.

૯૩ બલમારે સુંદરવા
૧૬૭ નથી પ્રેમ નીપજતો
૨૮૦ સખી સેજ સમારી
૨૪૭ પરમકૃપાળુ પ્રભુ

મોહિનીચંદ્ર.

૧૫૧ અરે હું મસ્તાન, પ્રેમની
૭૯ આવશે પ્યારી આવશે પ્યારી

ઊમાદેવડી.

૨૮૪ નથી જગતમાં સાથ સંબંધી

૩૪૨ જારેજા જારેજા અરે નીચ દુરાચારી
૩૭૭ રસીલીના નેણુ સુધાકર
૨૩૯ શ્રી કમળા પતિ મળે
૨૫૩ રૂડી રઢીયાળી રાત

ભોજકુમાર.

૧૦૪ લાડકડી લટકાળી

વીણાવેલી.

૩૫ બનું હું ફાંકડો, એ બામાનો ભરથાર
૩૯ ગાનગીઆ પરિશ્રમ હ્યો શાને
૫૩ અરે શું માનવનો અભિમાન
૧૩૮ ઘુંઘટકે મોજમેં
૨૭૧ શુંદર શામળીયા
૩૦૨ કાયા કાચો કુંભ છે
૩૦૯ વ્હાલા બોલો તમે
૩૧૯ સરસમાં સરસ સાર સંસાર શું છે.
૪૪૩ ચાલો મારા ચતુર સુજાણુ
૩૭૨ પધારો સૌભાગ્યનાર
૨૧૬ જેને ચિન્તા નથી ચિત્તમા લગાર
૨૨૫ ઉગ્યો સખી

સરદારબા

૯૭ હારે મોરી લાગી સજનસે લગનવા,
૨૭૮ હાય હાયરે સરદાર વિણુ
૪૨૩ બન્સીવાલા આજો હમારે દેશ
૪૨૯ પ્રીતીના પંથનો ગ્રંથ ગુંથેલો
૪૩૪ શાણા ગજબ ભર્યું
૨૩૪ જાઓ જાઓ વ્હેલા થાવો

અશ્રુમતિ

૬૪ શું આ નટવર વસંત થેઇ થેઇ
૯૦ આવો આવોજી ચતુર સુજાણુ
૨૭૩ ચિત્ત ચોરી ઓ ચાલી ચાલી ક્યાં
૨૯૦ મીઠી પ્રીતીની પ્યાલી
૨૯૯ દીસે હલ થયા શા હાલ
૩૨૧ ક્યાં ચાલ્યાં પ્રાણુ મારા
૩૪૪ ચાલરે રસીલી, રંગીલી છબીલી
૩૭૦ ના ના નહિં નહિં જાશુ બાપુ

શ્રી આર્ય નાટ્ય સમાજ

સરસ્વતીચંદ્ર

૧૨ સુભાગીવર સુંદરને
૨૧ શીતલ ચંદ્ર જેવું
૩૬ પ્રીતીકરી શું તરછોડી
૪૩૦ પ્રાણુ પ્યારી હમારી દિલદારીને
૩૨૨ દીધાં છોડી, પીતા માતા
૩૨૮ અહો કરમ ગતિ
૩૪૦ પાપીના મહોડાં કાળાં
૩૮૩ સજી અંગ ફુલોના શોળ શણુગાર
૩૮૭ પ્રાણુ પ્યારા સરદાર
૩૯૫ હળી મળી સૌ આલીરે
૪૦૩ આનંદ આનંદ આજ દીવાળી
૪૧૩ હે ચંદ્ર ધીમારે પ્રકાશો
૪૧૦ આજે રંગ સંગ
૪૨૮ છળ બળ કળ કરી

બોલતો કાગળ

૨૬૫ બચ્ચા કચરા
૩૫૩ રંગી આ દુનિયાના
૩૫૫ ફુલણુજી ફુલોમાં ઝાઝા

૩૫૭ આશક ખરખુચા

ચાલુ જમાનો

૧૩ અવસરને વશ બસ થઇ રહેવું
૩૧ અમારો કોઇ નથી આરો

દેવી દ્રૌપદી

૨૫૪ વીર ભારી ભારતમાં
૨૫૫ ભલી બ્હેન બાંધી તેં દોરીજ હીરની
૩૫૦ રંગ જોબનું બતાવે
૨૫૮ હેયદુપતિ કૃષ્ણ મુરારી
૨૬૨ પ્રિયકર, સુખકર મંગળ વેળા
૨૬૩ પ્રેમના રંગો, યુવતી જાણેરે
૨૭૫ છે સમરતી મમ રામા
૨૫૬ યમુનાને તીરે સખી યમુનાને
૪૦૧ વિપદ વિકટ વસમી
૪૦૫ રંગે રસીલો રીઝાવશે
૩૫૧ છે મમ ભાગિની વિપદમાં કૃષ્ણ

સિદ્ધાર્થ બુદ્ધ

૩૩૯ ગયાં ભેદાઇ મમ અંગે અંગ
૩૩૬ દેવી...શી માયા સુતપર

દેવી દમયંતી

૬ હે કાન્ત કળાધર મારા
૧૫ એ રસીલાની રસીલીએ
૨૭૯ સર્વ સંસાર મદન આધીન
૩૦૭ ભલે આવો પધારો, મોંઘેરા મેમાન

શ્રી વાંકાનેર આર્યહિત વર્ધક નાટક કંપની

નરસિંહ મહેતો

૮૧ મુજને તજી નહીં
૧૦૧ વારી વારી શું શોભે વારો
૧૦૯ પુરણ પામી પ્રીતિથી શણગાર
૧૩૯ આવાં કામ અનેક કરીશું
૧૫૬ વાલા વેગે આવોરો
૨૫૧ હવે મને હરી નામથી નેહ લાગ્યો

મીરાંબાઇ

૧૪૭ તમે તે શું જાણો સ્વાદ
૧૨૮ ગોરી ગુણીયલ જાશું
૧૮૬ કહેને ક્યે દિન જાયેરે

શૈલબાળા

૫૧ અંતર છે એકજ બાળા
૮૬ મન છાંડ તું અજ્ઞાન ભાન
૧૩૧ ધીરીયા વ્હાલી રેતું
૧૩૩ નિર્લજ થઇ નર જેહ જગતમાં
૪૨૦ જા, જા, જા, જા, ભરતખંડમાં
૨૦૪ મારી સ્વભૂમીકા

ઇન્દુમતી

૩૮ રંગીલું રસીલું સ્વપ્ના માંહી
૬૨ ના, ના, નહીં બને નહીં બને, વાત આવી
૨૧૧ જંજાળી, જીવડા, ઝાંઝવા, જોઇ

જગતસિંહ

૫૫ અરે પ્યારે મેરે મએને તોરી
૯૪ ચાલો, ચાલોરે, સખીઓ, સહુ સાથ

૧૧૨ વાહ રસીલાની પ્યારી હું
૧૬૪ ઝીણુા ઝરમર વરસે મેહ
૧૯૮ વિજુ વારે ચડોને મારીરે
૩૬૮ ચંચળ, ચતુરા, ચપળ નયનથી
૪૩૬ જારે, જારે, ઓ રંગીલા હઠીલા
૨૦૨ તન તંબુર નવ જ તાર
૨૦૬ મુજ પરમપિતા ચિત્ત ધરજોરે

રમણુ સુંદરી

૯૧ ખીલી જોબનની, કળી, કરમાઇ, જાય છે

સતી સુંદરબા

૨૦૦ અરે આ અબળાનો પોકાર

મુંબઇ ગુજરાતી નાટક મંડળી.

નંદબત્રીશી

૨૬ સ્નેહની નદીયો છલકાય
૧૭૮ કોમળ કાયા, કાં, કરમાવો
૧૮૨ છોડો નાજુક, બંદ, બંદી, બળવંતજી
૩૫૪ ગંગાજળ નિરમળ
૩૬૦ પ્રણામ પ્રાણુ મારા છે, છેલ્લા પ્રણામ
૨૨૯ મન ભુલાવે મન લોભાવે
૨૩૩ સખી ખોલ ઘુંઘટડો
૨૪૩ કુમકુમ પાય ધારીરે

સૌભાગ્ય સુંદરી

૩૭ બાઇરે...કપટી ના મન મારૂં
૪૦ આવી વરષા સખી
૪૭ મારા તનંમાં, મનમાં ભર્યો છે ઠર્યો છે
૬૦ તાન શાને કરોછો આવું કુડું કામ
૯૮ પ્હેરી ચોળી બટકાં મટકાં
૧૨૬ ચાલો સાહેલી ભુવેનશ્વરીનાં
૧૭૧ અરે કોઇ આવો, પિયાને મનાવો
૩૬૯ ધીમા ધીમા ચાલોને મારા પ્રાણુરે

વિક્રમચરિત્ર

૬૯ એ...માથે મટુકી, લઇ જાવું
૧૮૪ મને સ્હાય, કરશે મુરારીરે.
૨૩૨ નજર કરો નાથ જરા ઓળખી લ્યો
૨૪૦ કરૂણાના ભંડાર, સદાશીવ
૨૪૮ કોઇ દૂધ લ્યો દિલરંગી

કુન્દબાળા.

૪૧૭ તનનન તોમ, તનનન તોમ
૧૯૩ આજેછે દિન આ મુજ ધન ધન

કામલતા

૪૧ પિયુજી પિછાનોરે ધર્મના પાર
૮૫ દિલ મારૂં માને નહિં
૧૮૫ વિધાતાએ બાંધ્યો જે સબંધ
૧૮૮ મેં દુનિયા સઘળી જોઇ
૧૯૬ પિયુ પરદેશીને, કહેજો પ્રણામ અમારા
૩૯૩ વાટ જુએ છે, વ્હાલી રસીકવર
૨૩૫ મને આવે છે ફેર
૨૪૫ રસભર્યું આ, જોબન જાય
૨૪૨ મને લાગેછે માજી ખુલી ભાગ્યરેખામારી

નવલ કુસુમ

૧૩૦ શૈલજાના, કાન્તા શંભુ
૩૦ ભરી ભરી પ્રીતીની પ્યાલી
૧૭૩ નકરરેહો કાળી કોયલડી ટહુકાર

૧૭૫ કોઇનું કર્યું
૧૭૯ અમર, કરીલે, લેને માનવ, દેહ ધરી

જુગલ જુગારી

૮૩ વ્હાલમજી સાડી ગુલાબી મંગાવીદો
૨૩૧ અમો અબળાને માયા વ્હાલીરે

કનક-તારા

૩૭૫ ગયો ક્યાં મિત્રમારો

કરણઘેલો

૨૩૮ આવો સખી આવો, માને મોતીડે વધાવો

મૂળરાજ સોળંકી

૨૩૭ સનનન સોહે, સાંવરીયા શામ

શ્રી મોરબી આર્ય સુબોધ નાટક મંડળી.

ચંદ્રહાસ.

૭૨ ઓ પ્રિયા ધન્યછે, તમારૂં હેત સાચું
૭૯ રે ના, બોલો આવી વાત
૩૭૬ શાણો પુરો આ, પુરો શાણો છે
૪૨૧ ડરમાં તું દિલસાથ
૪૪૦ થયા છોરે પતિ તેજ પ્યારી તનના

રાજતરંગ

૬૩ અવતાર લીધો અવની ઉપર
૧૦૫ પુરણ પુજ્યાં, પ્રિતમજી શ્રીહરી
૧૩૬ ઉઠોનાથ નિંદમાંથી
૧૬૫ પિયુસંગે, રસરંગે
૩૫૯ આપેલી પદવી દીપાવજો મામા
૩૬૭ ઓ કુટિલ અંધ કામી
૪૩૭ ઘેલાં કીધાં, એ કાનુડે, કામણગારે
૨૩૬ માજી કાંઇ ન, સુજે, અંતર ધ્રુજે

દેવયાની.

૪૯ જાશો ક્યાં દઇ વચન
૬૧ દયાના નિધીનો, તનુજા
૧૧૦ માજી મેં જોડયો આ, પ્રીતમમાં પ્રાણ
૩૧૮ મનહરણી, તું તો અણી,
૨૦૭ લાગી લગની, કચમાં, મારી
૨૧૫ હીંડોળા સમ, સખી હૈયુંમારૂં
૨૨૦ કચદેવ પ્યારીકેશો.
૨૫૨ આવ્યો મનનો માન્યો હારો

રમારણજીત

૫૯ શાનેઆલી મદઘેલી શરમાતી,
૧૦૩ રમા રમા રહી જપતી જીહ્વા
૨૦૫ જુવે જગદાધાર દયાળ
૨૦૮ શું નિર્મળ જળની તલાવડીમાં
૨૧૮ રણજીત છે, પ્યાસીરે

સરસ્વતી

૨૦૧ બનાવી પ્રભુએ નારી

ત્રિયારાજ

૨૨૭ પ્યારા પ્રભુ વિનવું

રાણકદેવી

૩૩૮ માનુંની તું માન મારૂં

સતી અનસુયા

૧૫૮ આંખવિના અંધારૂંરે

શ્રી ભારત નાટક સમાજ.

સુરેખાહરણ

૫૮ કળથી બને તે ન, બળથી બને છે
૧૪૧ પ્રમદા પ્યારી, હું, નહીં છોડું
૧૭૪ નંદના છેલ, નાહી સતાવો
૧૮૧ વખત ફરી નહીં આવે આવો
૧૮૯ હૃદયથી ગમતું કેમ તજાય
૧૯૪ આમ શું ચાતકને તલસાવી
૨૭૨ જીવન તમ વિણ કેમ ટકે
૨૮૨ મેના મધુરી, મારી મેના
૩૧૫ અજબ ખીલી, ખીલી, આત્મના
૩૯૨ તુંહી બ્રહ્મ, તુંહી બ્રહ્મ

મહાકવિ કાળીદાસ

૫૭ સંસાર સમજીએ શાણા
૮૦ કાગ વિરા વેગે વાલમને
૧૭૭ હુંતો પ્રેમની જોગણ

વિજય કમળા

૩૯૬ આઇએ, આઇએ, દિલબર

અમન ચમન

૨૭૦ કોઇ મીલાવોરે, એ, ચમન
૨૮૮ ચમન, નમન, તુજને, છે, છેલ્લું

મદીરા.

૧૦૬ સખીઆરી ખેસોરી......
૧૮૭ કમળ નયનનાં, ખંજર, મદીરા મારમાંરે,
૨૯૪ હાય આ તંગીમારી, તનમન પ્રજાળે
૩૧૬ હવે આવજોરે. રસીયાજી મારે મોલ

બાજીરાવ મસ્તાની.

૧૧ તાતધીર, ધારી, જુઓને, ઇતિહાસમાં
૩૨૩ બસ હું બન્યો છું ફાંકડો,

કનક કિશોરી

૧૦ કિર્ચીત કુસગેરે

વિરવિજય

૧૦૨ સરરરરરરર મેઘ વરશે,

શ્રી. પાલીતાણા ભક્તિ પ્રદર્શક નાટક કું.

રતિચંદ્ર

૧૪ કૃષ્ણ કરે તે, ઠીક કરે છે
૨૬૮ કરઝાલી વરમાળ
૨૮૬ ઘેલી મુને કીધી
૩૦૦ પિયુ તનડામાં લાગી
૩૧૨ વ્હાલા શું આમ જાશો
૩૧૭ સાચાનો કૃષ્ણ બેલીરે
૪૧૨ કર્મકી બાત હય, સબ ન્યારીરે

જાલીમ રૂભદ્ર

૩૦૪ આનંદ મંગળ કરશું
૪૧૧ જાવો જાવો ઠગારા

શ્રી સુરવિજય, નાટક સમાજ

શુક્ર જયંતી.

૨ આવો સખી, બીન, બીનરસ, રેલાવો
૪ મધુરી, પ્રીત કરી, કયાં છુપાઇ
૧૬ કરૂં દ્રષ્ટી, જયાં, ત્યાં, હું
૨૪ સખી પ્રેમપાઠ, શીખજો
૨૭ સુખ શાન્તીનો, સાગર જગમાં
૩૪ વ્હાલા ઠાલા, જવાદયોને ચાળા
૨૬૬ કર્મનો મર્મ, કહો કોણ કળે

૨૮૧ પ્રિતગાંઠ, બાંધી તે, નીભાવજો
૨૮૭ ગુલજાર' ગુલાબ, શું આ, સખી
૨૯૨ મ્હારા માનીતા મહારાજ
૨૯૭ મુર્ખ જન, આંખ છતાં થઇ આંધ
૩૦૫ ભરમાવેછે, ભલા ભલાને મોહરૂપી
૩૦૮ મૃગનયની, હસીને, તમે બોલો

ભક્તિ વિજય.

૪૩ ઘેલી થઇરે, હુંતો ઘેલી થઇ
૭૦ હઠછોડો, જુદોજ,એ છે, પંથ પ્રેમનો
૮૨ હું પામુ હર્ષ ભારી, સુદ્ધ ભક્તિ જોઇ તારી

બીલ્વમંગળ–ઉર્ફે સુરદાસ.

૪૪ દાસપરે દયા લાવોરે
૬૭ વિષયવાત, મમ, માત તજીને
૨૭૧ હું ભજન કરીશ, હરીનું
૩૦૧ વ્હાલા વૃજબાલ સાથે લાગીરે, લગનીયાં
૩૧૩ તારો મુજને

શ્રી સુરત શાન્તિ વિજય નાટક

પાંડવ વિજય.

૩૧૧ કૃષ્ણેધરી મુરલી મનહર
૩૦૬ દાતા ગિરીવરધારી
૧૩૭ રામરસ ચખ રસના સુખદાઇ
૧૨૭ વિરલા પ્રિતમ મુજપ્યારા
૧૬૦ આજે સંગમળીને સરંગ મચાવીને

ભલા સુંદરી.

૨૮ આપ્યું વચન તે નીભાવજો ઓ નાથજી
૧૫૮ હોજી શાણી શાને તું શરમાયે
૧૪૯ પાપીપર થાઓન રાણા કૃપાળ

શ્રી સુંદર વિલાસ નાટક કું.

જાળંધર અને સતી વૃંદા.

૧૦૦ વાહવા વૈકુંઠના વાસી

પ્રહ્લાદ વિજય.

૪૮ સમજી જનક રૂષિરાજ
૮૮ ભક્તિ નૌકામાં બેસીનેરે
૧૨૫ રખેવાળ થશે મારો રામ

શ્રી વિદ્યા વિનોદ નાટક સમાજ

માલતી માધવ

૫૪ ચાલ ચાલ ઓ, અલબેલીરે
૭૭ લ્યો સુંદરી સુમનની માળા
૯૨ હાંરે, ખીલી ખીલી, રૂડી ફુલવાડી
૧૧૪ માગા, જપું છું તમ નામની

સંત વિજય

૩૧૪ સ્યામા સંગે રમું

વિકટોરીયા નાટક મંડળી

સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર

૮૯ જય જય ઇંદ્રાસન પતિગ્યાની
૧૪૨ હોન દીલારામ, તો ક્યા, દિલકો આરામ
૩૨૪ રાત એક સપના, મયને બદ
૩૩૭ મેરે ગુલશનકા અગર કોઇ સમર
૩૭૩ ઇસ પાપી જગમે
૪૩૮ મન મયલ મીટે તન તેજ બડે

લયલો નહાર

૧૪૩ આજગુલશનપર
૧૭૨ નહીં કોઇ અપના પરાયા હમારા

નાજાં

૪૨૫ સુનોમેરે યારો યે છયલકા

ગોપીચંદ

૬૫ જાવોજી જાવ કિસ નાદાનકો

મદનવસંત

૩૯૦ જઇકહે શદેશો મારા શામને
૪૨૪ સતી સુંદરી પ્રિય પ્યારી

કળાવતી

૧૭૬ શુ બાઇ કરમાવો કોમળ ગુલાબ

પારસી નાટક મંડળી

જહેરીસાંપ

૪૫ મય વારીયાં ખાહી નખાહી
૮૪ ચલાજારે, બેદર્દી
૧૧૫ કહુંકારો શરમકી બાત
૧૫૨ સાંવલ બાંકેરે, નજર મોરી આ ગયો
૧૫૫ દેખુંગી પ્યારે અબાકા મુખડા
૩૩૪ જાનેદે, જાનેદે અબે કયા હય
૪૦૨ કયસે કરરાખે, કવાંરી કુમરીયા
૪૦૬ હમને છેડા, કિસ નાગનકો

જુલમે વહેશી

૩૬૩ પાયા ન બંદોકી બસ્તી
૪૩૧ જર દેતો વાંકો છોડું

ચત્રા બકાવલી

૪૩૫ જબકે કલંદર બનબન ફીરકર
૩૦૩ મોરા મન લાગો, ધડકનરે
૩૮૧ કોઇ હાલ કહો જાકે

આજમ શાહ

૧૭ શાહેવાલા તું પ્યારા

બાગે બહેસ્ત

૪૨૬ અરે જારે મન દુશ્મન થઈ

હુસ્નબારા

૧૧૭ પ્યારી બહેરે ખુદા

તબદીલે કીસ્મત

૭૬ આગતન મન લાગી કયસે બુજાવું
૨૮૯ પ્યારે કયસા મય બનાહું હુશીયાર

ખુદાદાદ

૩૬૨ તોરા દાવર દાદાર યાર શાહા
૩૮૨ કયા બોલુંમે

-હામાંન-

૭૮ કરમ કર મેરે હાલપર અય એ કરીમ

મુંબઇ નાટક મંડળી.

સયદે હવસ.

૪૨ ભરભર જામ પીલા ગુલલાલા
૨૧૩ દીન રતીયાં ના છેડો સૈયાં
૨૨૧ બીસમીલ પીયાને કરડાલા
૨૪૬ પનીયા ભરનકો મય કયસે પ્યારે જાવુંગી.

સફેદ ખુન.

૧૨૦ ચીતવનને તીરનજારા. દિલપર
૧૮૦ મંએ આફતકા પર કાલાહું
૧૯૨ ગોરેગોરે ગાલોપે પ્યારીમયવારી
૩૩૨ કહેરહા હય આસમાં
૨૧૨ બનવાદો પીયા, કોઇ બારીરે
૨૧૭ જ્યાતરસે, બદરીયા બરસે
૨૪૪ બાલજાલ ગાલોપે લાલી
૨૫૦ આ કીલો દાનાહું દુનીઆકા સ્યાના હું

ઇન્કેલાબે હિન્દ

૧૨૧ હટો છુવોના જોબનાકો

કાલીનાગન

૧૨૨ ચલે આતે હય મેરેડેરે

પારસી રીપન નાટક કંપની

ખુનકા-ખુન-ઇન્તેકામ-

૧૧૮ જગત કે વાલી, ચમનકે માલી
૩૨૭ દીલદાર દીલારા, સુન બતીયાં
૩૩૫ ક્યા ખુબકી સફાઇ
૨૧૪ કોઇ તીરે કજાકા નીશાના હોતા

આલફ્રેડ નાટક મંડળી

મુરીદે શક

૧૧૧ જગવાલી તેહારી કરતારી
૩૨૬ ભાવનીયાં...મોહની મુરતી
૩૫૮ છાંડો છાંડોજી મેરી કલાઇયાં
૩૬૫ ખનનન ખનનન

અસીરે-હિર્સ.

૪૬ દીનાનાથ મોહે ડુબતા તારો
૬૬ તોરી છલબલ હય પ્યારી
૧૦૮ મુજે મગવાદો જાન
૧૧૯ અંબવાકી ડાલી તલે આલીરી
૧૨૪ મજા દેતે હય ક્યા યાર
૧૨૯ પાવેગા બેમાન જાન સજા
૧૫૩ મોરે શામ મોરે હામ
૧૫૯ બોલો બોલો સાંવરીયાં
૧૮૩ ચલો ગુઇયાં ઠુમકચાલ જઇયાં
૧૯૧ મોરી કાહે કરત હો બડાઇ સજની
૩૬૪ જવાં દુલ્હાપે, હું મય નીસાર
૪૩૯ અય વાહજી વાહ, દીવાના હય
૨૩૦ હાય મુજે દર્દે જીગરને સતાયા

ખુને નાહક-

૧૯૫ દાવર દાદાર કાદીર સત્તાર
૨૨૬ નાચે ગાયે નારી
૩૩૦ જાની સુન તોહે બીન
૨૨૩ ચક્રમાં ચલતા છલતા જલતા
૪૩૨ સખી કયસે દુખ સહાજાયે

૧૬૨ ઇશ્કલમે બેકલ હું મન હરવા
૪૨૭ નાચે છુમ છુમ છુમ પ્યારી

શહીદેનાજ-

૧૪૪ પરદેશી સૈયાં નેહા લગાયે

બજમે ફાની

૧૫૦ આનબાન જીયામે, લાગી
૩૯૧ મોહે રેશમકી સાડી દીલાવો

ન્યુ આલફ્રેડ નાટક મંડળી.

ખુબસુરત બલા

૭૧ જલ થલમે તોહે
૧૪૫ હાંરે ગોરી ચાલોના
૩૩૧ દેખો યારો કયા ઝક માગ

ભુલભુલઇયાં

૯૬ છાંડ ચલે મન પરદેશી
૧૪૬ ચલો જંગકરે ન દીરંગ કરે
૧૩૪ જો પીયા આયેના
૧૫૪ તેરી મેરી જોડો બની
૧૬૬ સુન દીલબર સુંદર જાન જાન
૧૭૦ મેરી હસ્તી મીટી હાય કયસી
૧૯૯ વારી જાવુંરે સાંવરીયા
૩૫૨ રંગ રલીયાં, હાં કર ગુઇયાં
૩૬૧ સબઘર પાગલ સબઘર પાગલ
૩૮૦ મયતો તોરે દામનવા લગી મહારાજ
૩૮૯ હાફીજ ખુદા રહે ખુદા
૩૯૪ જીસસે શાદીકી ઘાંતોકી બાત કરૂં
૨૧૯ દિલદાર યાર છયલાસે નયના
૨૨૨ જાઓજી જાઓન નખરે દીખલાવો
૨૪૯ મય બાજ આઇ દીલકે લગાનેસે

દિલ ફરોશ

૩૩૩ પ્યાર મોહનીઆં નીભાના હોંગા
૧૪૮ દીલે નાદાનકો હમ સમજાય જાયગે

૩૨૯ દુર દુર મુજીતું નીકલ નીકલ
૧૬૯ તુમ્હે દુંગા મય વાંકી ખબરીયાં

ખુરશીદે જરનીગાર

૪૧૯ આલમમે હય ખુબી સારી

લયલા

૩૨ ભરકે પીલા દે શરાબ યાર

ખ્વાબે હસ્તી

૧૧૬ હારે સૈયાં. પડુંમે તોરે પૈયાં
૪૦૦ અલબેલા છેલા,

તાજેનેકી ઉર્ફે-ચંદ્રાવલી

૫૦ લોકુલ જાની લેલો

અલીબાબા ૪૦ ચોર

૪૩૩ સારી પયસેકી બહાર

સર્વ સંગ્રહ.

૧ ગુણકે ભંડાર
૨૫ સંગીત શુભ ઘડી
૨૮૫ આવો આવો પ્રીયપ્રાણ
૩ વીર રાજની રઢોયાળા
૧૯ નંદકે લાલા હો મતવાલા
૨૩ ચિત્ત હરી લીધુ
૨૭૪ જગતની છે જુઠીબાજી
૫ કેને પ્યારી કહીને બોલાવે નાદાન
૩૭૯ શીદ કલપાવો
૭ અદભુત રચનાશી
૨૦ જુઓ સ્વામીનાથ
૨૨ પાતળીયા પ્રીતમ આવજે
૫૬ શંકર સર્વ દુખ પરિહર
૮૭ છયલામય હું તોપે
૧૧૩ દુનિયા દોરંગી દોરંગી
૧૩૨ બળું છું પ્રેમ આગમાં
૧૩૫ અઠલાતી ચલોના
૧૯૦ દુનીયાના રંગ કંઇ ન્યારા
૨૯૮ નાથ અતીઉત્તમ નાટયો
૩૨૫ દાવરતેરી રહેમતકી
૩૭૧ દિલકે દિલમે
૪૦૭ અવીનાશી તમદાસી
૨૨૪ કામી તે શું ન કરે
૨૫૬ દીલદાર દિલારા દિલબર
૨૬૦ નાહક લાગે ગવનવા
૩૮૫ છબ દીખલાજા
૩૮૬ મન મોહન તોરે નયના
૨૫૮ યે કયસે બાલ બીખરે હય
૨૬૧ અટારીયોપે ગિરારે કબુતર આધીરાત
૭૩ પીયાકો સંદેશા મોરા કહીયો જાય
૭૪ ગોરી ગાઓરી તિલાના
૭૫ અલબેલડી લાડલી રાધકા
૩૮૪ મોરી લાજ શરમ રખલે જગમે
૨૦૩ અયસો પિયાને મોરી બૈયાં
૨૦૯ ગુરૂબીન કૈસે ગ્યાન
૨૧૦ મોરી કરપકડત ગઇ બંગરી
૨૫૭ ગરજ ગરજ બરસાનેકો
૩૪૫ કાનગર આહે
૩૪૬ દામની ચમક લાગી
૩૪૭ પનીયા ભરનસે કૈસે જાઉં
૩૪૮ શંકર વિકધર
૩૪૯ રંગ ભરશે
૩૬૬ ખેંચો કયું સુંદરીયાં
૩૯૮ દુધ બેચનમે ના જાઉં સૈયાં
૩૯૯ છોડો છોડો મોરી બૈયાં નામરોડ
૪૦૮ તુંહી રઘુવર પ્યારા બન્સીવાલા

ॐ

શ્રી પરમાત્માને નમઃ

નાટયરસ-રાગમંડલ

અથવા

ગમ્મતની ગુફા.

૧ પવિત્ર પતિવૃતા

ગુણુકે ભંડાર વ્યાપક સંસાર અએ કરતાર
તું બાલા, વાહ તેરી ગુલકારી પ્યારી પ્યારી સારી-ગુણુ

તુંહી આકાશ છાયો જલ થલમેં તુંહી સમાયો
નીરાકાર ઇશ તેરો કીનહુન પાયો પાર
તુંહી બ્રહ્મા તુંહી વિશ્નુ પાલક જગકો તુસર ગુણુ દાતાર-ગુણુ.

નીત ગુણુ તેરો હમ ગાય આશા હમારી કરદો પુરણુ
તું દાના તું બીના તોપે બલહારી હમજાય
મોહસે હમ છુટે પાપોકે બન્દ તુટે
વિનતી કરત તોરે આગે આજીઝ સિર ઝુકા-ગુણુ

૨ શુક્રજયંતી

આવો સખી બીન બીન રસ રેલાવો
પ્રેમની દિવ્ય જ્યોત ઝલકાવો-આવો.

શુભ શાન્ત રસને, સહુ વહાલથી વધાવો
અદભુત રસ કરૂણા શ્રંગારને શોભાવો-આવો

૨૬ વિર હાસ્યને બતાવો, હાં આવો, હાં આવો.
સહુ હાવ ભાવથી આ નાટ્યને દિપાવો
વળી પ્રેક્ષકો રીઝાવો—આવો.

૩ સતી તિલોત્તમા

વીર રાજવી રઢીઆળા ફરી દરશન દેજો દયાલા
વિવેક વાણીથી વશ કીધો, પ્રેમ બંધને બાંધી લીધો
વાહ કેવાં વાક્ય રસાળાં–ફરી.
આપ તણી છબી અંતર પેઠી, યાદ કરીશ હું અહનીશ બેઠી
જપું જગત નામની માળા–ફરી.

૪ શુક્રજયંતી

મધુરી પ્રિત કરી ક્યાં છુપાઇ, ઉર્મી રદયમાં સમાઇ–મધુરી.
સુંદર તારી છબી નિહાળી, શશી વદની સુખદાઇ–મધુરી.
તું સુખ કર છો તું દુખ હર છો, મનહરણી દેવધાઈ–મધુરી

૫ કુમુદચંદ્ર

કેને પ્યારી કહીને બોલાવે નાદાન, કુમુદ છે બહેન તારી ભુલ્યો કેમ ભાન
પ્યારી નારી થાશે તારી આ અબળા રસ્તામાં ખ્વારી
પાપમાં પડે છે પાપી બની બેઇમાન–કેને.
ખબર થશે રાજાને આની તો પછી બુરી દશા થવાની
તું વિચાર, તજ પ્યાર, નથા ખુવાર તું ગમાર
મારી અરજ તું માન ખોઇ બેઠો શુદ્ધ શાન
નાહક મરવું પડશે તારે સાથે બળવું પડશે મારે
જોખમમાં નાખે છે નાદાન શીદ જાન–કેને.

૬ દેવી દમયંતી

હે કાન્ત કળાધર મારા સ્વીકારો રજની દારા
નિજ પ્રભા ભરીને દવાંત હરીને, મિલન કરીને, વર્ષાવો, અમિરસધારા
તું જીવન સખી મમ સજની, હું કેમ તુંને કહું રજની
તું ઉષા સુનારી, નિશિતમ હારી, મન મુદકારી નભે ચમકતી તારા
સેવા કરી રતી ચાખું, પ્રાણેશ્વરી કરી રાખું
આ શરણુ કિંકરી રમણુ શ્રી હરી, કર્ણુ કર ધરી, થાજો નઉકા તારા–સ્વીકારો

૭ સંગીત કરણુઘેલો

અદ્ભુત રચના શી, આહા પ્રભુ શી બલહાર
તારણુ મારણુ તું જમ કારણુ ધારણુ તું
જેનો જગમાં નહીં આકાર પણુ વ્યાપક છે સર્વ મુઝાર
પ્રાણી માત્રનો તું આધાર શરણા ગતનો પાલન હાર
ભુમંડલનો આ વિસ્તા નિરખ સ્મરીએ વારંવાર

૮ સતી દ્રૌપદી

ગોવિંદ ગુણુ ગાઓરે રે નર નાર, ગીરધર શ્રીધર શ્રી મુરલીધર
નામથી નેહ લગાવોરે, હા નેહ લગાવોરે
મારૂં તારૂં મિથ્યા માની કૃષ્ણુ કૃષ્ણુ કહે જાવોરે
અધમ ઉધારણુ ભવ જળ તારણુ, નિરભય નામથી થાઓરે
ભય નામથી જાવોરે રે નર નાર.

૯ સતી દમયંતી

અહો હંસ સુમિત્ર સંદેશ જરા પિયુ પ્રાણુની પાસ પહોંચાડ જઇ
નહી ખાન પાન સખી સંગ ગમે ન હિંડોળ ન ડોળ પલંગ ગમે
નવ રાગ ન રંગ સુગંધ ગમે દિન રેન અખંડ વિયોગ દમે
રસ ચંદન ચંપ કદંબ થકી શશી અમ્રતથી નથી શાંતી રહી
રહયો અંગ વિયાગ ભુજંગ ડસી બાલા મોહન મોહને મન્ત્ર દસી
ધર ધીર સખી ન નીરાશ બની, અતિ અંતર શ્વાસ ઉંડા ભર તું
તુજ સંશય સંકટ સરવ હરૂં, તુજ કારણુ કષ્ટ શરીર ધરૂં
તુજ આશ નહિ નિરાશ કરૂં, તુજ કાર્ય અવશ્ય હું સિદ્ધ કરૂં

૧૦ કનકકિશોરી

કિંચીત કુસંગેરે બોધ બગડે ઘણોરે, પ્રત્યક્ષ જુઓ તેનું પ્રમાણુ
મણુ દુધ માંહીરે છાંટો પડે છાસનોરે, પછી થાય બીજાંતે તેનાં વખાણુ
હરઇયાની હારેરે સારૂં ઢોર જો હળેરે, જુઓ કુસંગથી કેવા હાલ
માર ખાય ભુંડેરે ચારો જરી નવ મલેરે, ગળે પડે ડેરાં તણુંવાળી સાલ

૧૧ બાજીરાવ મસ્તાની

તાત ધીર ધારી જુઓને ઇતિહાસમાં,
સુધ્ધ સતીઓ પ્રતાપ જગત પામ્યો પ્રકાશ–ધીર
સતી દ્રૌપદી મંદોદરી ઉજાસમા, અહલ્યા તારા કુંતા ભવેભાસ,
સોરઠાણીને પદ્મણી હુલાસમાં, સત્ય કાજે વરી જાઇ હુલાસ;
ભાર્યા ભુષણ તે દારા દુશણ વીના, કિર્તી ચોપાસ અનીતિનો કરે નાશ-ધીર

૧૨ સરસ્વતીચંદ્ર

સુભાગી વર સુંદરને મન મંદિરના સ્નેહ ઝુલે ઝુલાવું નેહદ્દગ નિરખી હરખાવું
રસ ભરીયું તન નવલ કચોળું પીરસી રીઝાવું આ આ...સુભાગી.
અરસપરસ અમિ પી પીવરાશીં દિવ્ય નિશે ડોલી ડોલાવી,
ભુજ ભરી ભેટી શયને લેટી ઉર ઉમળકાના આ ચાળા જાણ્યા સહુમેં બાળા
વારી જાઉં લટકાળાં સમજીને શરમાળા...રસ ભરયું

૧૩ ચાલુજમાનો

અવસરને વસ બસ થઇ રહેવું દુખ આવે તેતો સહેવું
દુખ આવે તેતો સહેવું પ્રભુ રૂઠે કોને કહેવું–અવસરને.
વેળા વશ સીતા રામ થયા વનવાસી
વેળા વશ દ્રૌપદી થઈ સઇંદરી દાસી. એથી શીક્ષણુ લેવું
વેળા વશ નળ નૃપ ગયા જુગારે હારી
ભટકી દમયંતી વનવન હાય બીચારી
છે ભાગ્ય પ્રબળ એવું—અવસરને.

૧૪ રતીચંદ્ર

કૃષ્ણ કરે તે ઠીક કરે છે સોચ કરે શીદને શાણી
દ્રૌપદી કેરાં વસ્ત્રો દુશાંશન ભરી સભામાં રહયો તાણી
પાચાંળીની પતરાખી શ્રી હરીએ વારે ધાયા સારંગ પાણી–કૃષ્ણ
પ્રહલાદ ઘરૂ ભક્ત કૃષ્ણુજ કેરો કોપ્યો પીતા તે જાણી
તેલ કડામાં નાંખ્યો સુધનવા તોય ન તનને થઇ હાણી
હોલા હોલી ઉપર બાજ પારાધી ઉભો તીર તાણી
સરપ ડંસ્યો શીકારી પાયે બાજ થયો ત્યાં ધુલ ધાણી

૧૫ દેવી દમયંતી

એ રસીલાની રતીએ કંઇ અજબ જાદુ કરેલો છે
મદનનો ગરવ હરવાને એ છબીલો અવતરેલો છે—એ.
હરે છે ચિત દરશનથી હરે છે સ્પર્શથી લજ્જા
સુધાનો સ્વાદ ચુંબનમાં મધુર મીઠો ભરેલો છે—એ.
ન છુટે ધ્યાન પ્રતિમાનું સ્મરણમાં ઇશ ના આવે
રદયમાં ઘર કરી એવો વિલાસી એ વસેલો છે—એ.
પધારો રાજ થકી આંખડી આ વાટ જોતી
વિરહની વેદના ટાળો મદન મદથી છકેલો છે—એ.

૧૬ શુક્રજયંતી

કરૂં દષ્ટિ જ્યાં ત્યાં હું મને તો બ્રહ્મ ભાસે છે
સકળ ઠામે પ્રકાશે છે, તિમિર તન મનનું નાસે છે-કરૂં
અખંડિત એક એ જ્યોતિ, જડે નવ શ્રમ વિણુ શોધી
મને મ્હારૂં બતાવે છે મને તો બ્રહ્મ ભાસે છે-કરૂં
રદય ઘનથી ઉમળકાનાં કિર્ણ દશ દિશ વ્યાપે છે
નિજાનંદે હું આનંદુ મને તો બ્રહ્મ ભાસે છે-કરૂં

૧૭ આજમશાહ

શાહે વાલા તું પ્યારા સરવર બરતર હયે આલા
દઓલત હશમત ખાતીરખા તું દેખે નીન કુલે ચમન તારા
શાહા હુ નરવર ન્યારા—શાહે
સબસે આલા હયે સુલતાન જુગ જુગ જીવે તું જીશાન
પુરા દીલકા હો અરમાન, તું દાના તું બીના તું દાતા તું શાહા
તું આલા તું બાલા સબકા પ્યારા શાહા તું પરવર બરતર
અખતર અનવર અકસર સરવર હર ઘર ભરકા-શાહેવાલા

૧૮ સતી દમયંતી

સાચી પ્રીતિ જળકમળની, જળ સુકેજ સુકાય
જુઠી પ્રીતિ નળ હંસની સ્વાર્થ લગી સમજાય
સાચી પ્રીતિ દમયંતી નળનળ અર્ધાંગ ગણાય
જુઠી પ્રીતિ નળ હંસની સ્વાર્થ લગી સમજાય

૧૯ તીલોતમા

નંદકે લાલા હોમતવાલા કૃષ્ણ કનઇયા તુંમીતુંહો
મથુરાજીમે જન્મ લીયો હયે ધેનુ ચરઇયા, તુંમી તુંહો
જમુનાજીમે કુદ પડયો જબ નાથ નથઇયાં તુંમી તુંહો
બીંદરા બનમે રાસ રચ્યો હયે રાસ રચહયા તુંમી તુંહો
ઈંદ્રને જબ કોપ કીયા જબ ગિરીધરઇયાં તુંમી તુંહો—નંદકે

૨૦ પ્રમીલા

જુઓ સ્વામીનાથ ઘન ઘોર ઘટા
ચમકે ચપલા નભમાં પ્રસરે
બની ઇંદ્ર ધનુષ્યની ઓર અટા—જુઓ
ઝરમર ઝરમર મેહુલો વરસે
આડંબર કરી અનુપમ છટા—ઘન

૨૧ સરસ્વતીચંદ્ર

શિતળચંદ્ર જેવું વદન કાન્તિમાન નયન મીચીસેતું શાન્તિથી વિરામ
જાણે જઇ ભેટું એવા ઉમળકા આવે છે, બોલુ કંઇ બોલું ત્યાં તો શરમ દબાવે છે
કાંઇ કાંઇ અંતર થાય થાય ના સ્હેવાય—શિતળ
થર થર કંપે કાયા સ્વર થરડાયો છે, ચાલું ત્યાં તો ચરણો અન્યો અન્ય અથડાએ છે
લાગી લાગી હાં સ્મર લ્હાય લ્હાય લ્હાય અસહાઈ—શિતળ
જાગોજી જાગો વ્હાલા નિંદ્રા વિસારી દયો રાગી થઇ ત્યાગી વ્હાલા ત્યાગી સમાધી લો
લળી લળી લાગું પાય પાય, પાય ઢોળું વાય—શિતળ

૨૨ નઉતમલાલ

પાતળીઆ પ્રીતમ આવજો પ્રીતડી નીભાવજો
શામળીઆ સુંદિર રાખજો ઉર છે તે ભાવજો
વાહ ગુણવંતી સુજનાર, તજ પ્યાર, તજનાર, ના ગુણકાર—પાતળીઆ

હું મીનને તું જળ પ્યારી, મોહન છે તમ બલહારી
જ્યમ રત્નાકર પર ચંદ્ર પ્રતિબીંબ પડતું
ત્યમ મમ ઉરમાંહે વસતું શશીસમ તમ મુખ બહુ ગમતું
પ્રીય વાણુ શાં તુજ પ્યારી, અલી જાઉં તમ પર વારી–વાહ

૨૩ સતી તિલોતમા

ચીત હરી લીધું કાન કુંવરજી મારૂં હરીતો લીધું (૨)
મોહન તારી મોરલીએતો એ જાદું કીધું મને તો (૨)
જબકીને જાગી હુતો સાંભળી તનમાં લાગી તાન. (૨)
આવી વેલી દોડી વનમાં દર્શન ન વાલે દીધું જરા નવદીધું

૨૪ શુક્રજયંતી

સખી પ્રેમ પાઠ શીખજો શીખાવજોરે પ્રિય પ્રાણુને
જઇ અંતરના ઉભરા બતાવજોરે પ્રિય પ્રાણુને
બોલે શું બોલ ઘટશે તોલ આમ નહિ શરમાવશો
હેતે હળી મળી પિયુ સંગ મલી સ્નેહ નદી છલકાવજો
જઇ દિલડાના દર્દને દીખાવજોરે દીલદારને
મનના માન્યા મોહનને મનાવજો, પ્રેમપ્યાલી પીજો ને પીવરાવજો
શાણા સખીબા છાનામાના જઇ, મોહનને મલી આવજો–સખી

૨૫ પતિવૃતા

સંગીત શુભ ગડી શુભ હા
તુહી બ્રહ્મ દેવજ્ઞાની તુંહી વિષ્ણુ દેવજ્ઞાની તુંહી તીન લોક તારન
જમનાકે નીરે તીરે ગઉવે ચરાવત કહત મુની નારદ તેરો જશ ગાવેઆલી

૨૬ નંદબત્રીસી

સ્નેહની નદીઓ છલકાય વ્હાલ વ્હેલા આવી ઉભરાય
સ્નેહ વૃષ્ટી સૃષ્ટી પર થાય સ્નેહમય સંસાર જણાય
સાખી–બીજ રોપાયાં સ્નેહનાં સ્નેહ ભુમિની મ્હાંય
ઊગ્યાં તરૂવર સ્નેહનાં ફળ સ્નેહી સોહાય
રસ અમ્રત સ્નેહે પીવાય સચ્ચીદાનંદ કંથ દેખાય—સ્નેહની

૨૭ શુક્રજયંતી

સુખ શાન્તીનો સાગર જગમાં રામા રત્નની ખાણુ
યત્ન કરી જાળવી રાખે કોઇ પ્રિમી ચતુર સુજાણ
સ્વર્ગ સમા સુખ આપે શ્યામા, તન મન ધન અરપે સતી રામા
દુભાવી એવી રામાને કહાડે કહો શું લ્હાણુ-સુખ
શાણી સુંદરી પ્રભુ પતિ જાણે, અન્ય જનોને કદી ન પીછાણે
એવી મહીલાઓને મળતું મહીમાં મોટું માન-સુખ

૨૮ ઇલાસુંદરી

આપ્યું વચન તે નીભાવજોરે નાથજી
મોહન મનાવું કરને અહાવૂં ફુલી જાશેરે ડાપણુ હો રાજવી.

સાખી-ગોરી તજ ગુમાનને કદી ન ઝાલું હાથ
જો ઝાલું તો જીવથી ગણીશ જ્યારે બાલ
જીતું છળબળ કળથી
જોઇશ ચાલાકી તારી વાહ વાહ વાહ
પધારો પધારો પધારોજી પ્રાણ—આપ્યું

૨૯ સરસ્વતીચંદ્ર

માનસ, સરમાં ઉછરેલી તું દિવસ કેમ, અહિ કેમ કહાડે
સારસ શુદ્ધ તરે વિકસેલાં, અલિકુલ પુંજા માંડે-માનસ
માંડી ગુંજાએ સરીજાતાં સુરભીપરાગની માંહે
સુરભીપરાગ કરે સુરભી ખરી પ્રસરે સલિલ પ્રવાહે—માનસ
માનસ સરમાં ઉછરેલી પડી અહીં તું આજ
મલિન દેડકાં ભર્યાજ ખાડામાં પડી હંસની હાય
માનસ સરમાં ઉછરેલી તુજ દિવસ અહીં કેમ જાય— માનસ

૩૦ નવલ કુસુમ

ભરી ભરી પ્રિતીની પ્યાલી પીજોને પીવરાવજો
લટકેને ચટકે રસીલી રસીયાને રીઝાવજો
જીવનનો લ્હાવો લેજોજી જોબનનો લ્હાવો લેજોજી
રસના રંગ તરંગમાં ઝુલજોને ઝુલાવજો—ભરી

બની તમે ગુલરસીલીરે પીયુ બુલબુલ રસીલાને
જોબનના જાદુઇ કેફે ફુલજો ને ફુલાવજો—ભરી

૩૧ ચાલુ જમાનો

અમારો કોઇ નથી આરો સમય છે પ્રાણુ લેનારો
પડયો શીર દુખનો ભારો પિતાજી મારો કે તારો
સાખી—થઇ છે પાયમાલી ત્યાં સટાથી પિતા ભારી
ગયાં ઘરબારને ધનમાલ આવી સખ્તે લાચારી
બુરો તકદીરનો તારો પિતાજી મારો કે તારો—અમા
સાખી—ન ખાવા અનનો દાણો ન પીવા ગોળીમાં વારી
નહીં તન ઢાંકવા કપડું કહું શું બાત વિસ્તારી
થયો સંસાર આ ખારો પિતાજી મારો કે તારો—અમા

૩૨ લયલા

ભરકે પીલાદે શરાબ યાર શાકીયાં
કોડે ફટકારદું તોડે બરદારદું ઘોડેસ્વાર હું
અયસી રંગીલી ખેજ હો દીલજીસ્સે સબકા તેજ હો
જાદુ ભરાહો ચસ્મમેં ઓર દીલમેં યું આમેજ હો
થોડીસી ઓર હય શીશીમેં બાકીયાં—ભરકે
મઐં હોવે કુનજે બાગહો સાકી હો માહવશ
કોઇ વંહા મુખીલ નહો બાઇ સહીજાબકા
ગરદનમેં હાથ ડાલકે વોહ શોખ લેએ હીજાબકા
લબસે લગાદે મેરે પીયાલા શરાબકા
શરાબહો કબાબહો યેહ શએરહો ફીરા કીયા—ભરકે

૩૩ સતી દમયંતી

વિપરીત જગ વ્યવહાર બને જ્યાં કળી હળાહળ વ્યાપે
દુષ્ટ દાંભીકો સદા સુખી રહે સજ્જન દેખી સંતાપે, સંસાર ડુબેસઉ પાપે
ધર્મ કર્મથી રહીત સર્વજન જીવે વિષ્ય સુખ સાટે
આત્મ જ્ઞાન વિણુ અંધ થઇને ભટકે ભવરણુ વાટે—સંસાર

સ્રી વશ પુરૂષ પામ રતકામી વરધ વડીલ સંતાપે
સ્યામાને સોનેથી મઢે, મા બાપને અન ન આપે—સંસાર

પુણ્યવંત નર રહે રવડતાં, પાપી વઇભવ સ્થાપે
વેશ્યા પહેરે પાટ પીતાંબર, સતી વસ્ત્ર વિણુ કાંપે—સંસાર

પ્રથવી રસકસ વિણુ થઇ, નહિં મેઘ વૃષ્ટી શુભ આપે
પશુ પ્રાણી અન જળ વિણુ મરતાં કળી કસાઇ હાથે—સંસાર

૩૪ શુક્રજયંતી

વ્હાલા ઢાલા જવાદેયોને ચાળા, રસિક રઢીયાળા (૩)
મ્હારા મીઠા મહેમાન શરમાળા, રસિક રઢીઆળા (૩)

શીખો શીખવું શાસ્ત્ર સ્નેહી શામળીયા
પ્રેમ પાઠ પોથી પઢાવું પાતળીયા
હવે નહિ રોકો જવાદયોને બાળા, સમાવો કામ જવાળા (૩–)વ્હાલા

૩૫ વિણાવેલી

બનું હું ફાંકડો એ ભામાનો ભરથાર—ઓહો
નમાવું આકડો ને કરૂં તાબેદાર-વાહ વાહ
બનું હું વાંકડોરે, સાધી લઉં તાકડોરે—બનું

કુંવર બનું અલબેલો અપાર જુઠામાં આજ કાલ દીઠો છે સાર
પોલંમ પોલા ગડ ગડ ગોળા હું બા એ તો વાહ વાહ વાહ—બનું

૩૬ સરસ્વતીચંદ્ર

પ્રીતિ કરી શું તરછોડી પરદેશી હાં છોડી પરદેશી હાં છોડી પરદેશી-
પુરી પંખીણી પ્રેમ પિંજરમાં આખર પાંખ મરોડી પરદેશી હાં-
રોળી પરદેશી. હાં રોળી પરદેશી—પ્રીતિ

ત્યાગી કુમુદ વન ભટકીયો ભમરા, આવ્યો અહીં શું ફરી, દોડી પરદેશી હાં
દોડી પરદેશી, હાં દોડી પરદેશી—પ્રીતિ

ઉડીજા ઉડીજા પંખી મુશાફર, રૈન રહી છે હવે થોડી પરદેશી હાં
થોડી પરદેશી, હાં થોડી પરદેશી--પ્રીતિ

ક્યાજ

૩૭ સૌભાગ્યસુંદરી

બાઇરે કપટી ના મન મારૂં લાગે સરલ મનડું મુજને પ્યારૂં
થયું હેત કોદી હું તો ન વિસારૂ—બાઇરે
દુખણી હું શીદ બીજાને દુભવું, મુજ વિતી વિચારૂં
નહીં ઠગું હું માત કરીશ રૂડું થવાનીજ વાત,
સુકૃત કરી ઠારૂં મન મારૂં-બાઇરે

૩૮ ઈન્દુમતિ

રંગીલું રસીલું સ્વપ્ના માંહો નિરખેલું મુખ કયાં મળેરે-લોલ
ક્યાં મળે લાગી ગળે મારા તનના તાપો હરે--રંગીલું
જુઓ આરે રતીમાં રમતી ભમતી કનકબા
આવી ઉમંગે સ્વામીની સંગે રમવા રંગે
આ. આ. આ. જુઓ
ચુપ ચુપ ચુપ ચંપકબા-વાહ વાહ વાહરે કનકબા-આવી

૩૯ વીણાવેલી

પાતળીઆ પરિશ્રમ લ્યો શાને પોઢોને મારા સમ મારા સમ છે
ચાલોને ચપળા આવું હું આટલે, નાજી મારા સમ મારા સમ છે
ચિન્તાને ટાળવી પુઠ ન ભાળવી, લુંડીને પાળવી,
આ.........પ્રાણ પતી મારી વતો-પાતળીઆ

(રસીલી તું તો રોજ હસ્તીને હસ્તી)
(સતી પાસે છતાં પતિને હોય કે તસ્દી)

અલબેલી રાખે રમણ સુખી, વાહરે તેને ધન્ય તેને ધન્ય છે
પતિની ઉદાસી ટાળી રહે દાસી, સતી પ્રીતી પ્યાસી
આ.........શાણી સતી......ભાગ્યવતી—પાતળીઆ

(ચાલ્ય છાલ્ય તોએ થોડેક આવું, જાઓ ત્યારે મારે નથી જાવું)

તારા જેવી સતી સુંદરી પામે વાહરે તેને ધન્ય લાખો ધન્ય છે
મોહનની માળા, જપે બેઠી બાળા, છબીલા છોગાળા,
આ.........શાણી સતી--પાતળીઆ.

૪૦ સૌભાગ્યસુંદરી

આવી વરષા સખી દાદરવા ઝીલી જીંગરવા
ફરી શોર શારે જીગરઆ-આવી
ચપળા ચમકે મુજ કાળજું કપાઇ જાય
વીરહ અંગારા અંગ અંગ ભર્યાં
પાપી પપઇયો પીયુ પીયુ બોલે
મન બુંદબુંદ લાગે ઝરવા, શારે જીગરઆ-આવી

૪૧ કામલતા

પિયુજી પિછાનોરે ધર્મનો પાર [૨]
નર નારીનાં જોડલાં તેથી બન્યો સંસાર
પ્રથમ પહેલાં પરણવું પછી બીજો વહેવાર— પિયુજી.
પહેલો ધર્મ ગ્રહસ્થનો દુનીયાનો આધાર
એજ પ્રેમના પંથને ભૂલો કાં ભરથાર— પિયુજી.

૪૨ સયદેહુવસ

ભરભર જામ પીલા ગુલલાલા બનાદે મતવાલા— તુંલાલાલાલા.
ફસલે બહાર હયે, જોબન સીગાર હયે
શીશેમે મય હયે, પહેલુમે યાર હએ— તું.

૪૩ ભક્તિ વિજય

ઘેલી થઇરે હુંતો ઘેલી થઇ, વ્હાલા નંદલાલ વાંસે હું તો ઘેલી થઇ
નામ લઇ એનું નામ લઇ હું તો વખત વિતાવું એનું નામ લઇ-ઘેલી.
આરે સાસરીયાંનું સગપણ છોડીરે રૂડા રસ રાશિ સાથે
રાચી રહી—વ્હાલા
લગની લાગી છે મને, લટકાળા લાલથીરે જપું કાનુડાની માળા
કરમાં ગ્રહી—વ્હાલા

૪૪ બીલ્વમંગળ ઉર્ફે-સૂરદાસ

દાસ પરે દયા લાવોરે, દયાળુ દેવા, દાસ પરે દયા લાવો
સંસારી સબંધ તોડી, જીવ આપ ચરણે જોડી
હું તો બની બેઠો બાવો બાવોરે— દયાળુ.
આંખ વિના સંકટ આવું, ખાડામાં ગોથાં ખાઉં
વારે અવિનાશી, આવો આવોરે-- દયાળુ.

૪૫ જાહરી-સાપ

અબ વારીયાં...ખાહીનખાહી, રહે અસક બારીયાં–
કુલન માલ ગલેમે ડાલતી કાહેના ડાલતી કાહેના
રંગી ચોટીસે બે જારીયાં નાગન અભાગનકી ખારિયાં–– હમ.
પ્યારી અખીયનમે સિયાહી નસુરમા અનકે બયરાગન બિસારીયાં
કારી કટારીયાં અણુકી આરીયાં
ખોટી કરો ન ઇન્કી ધારિયાં–– હમ.

૪૬ અસીરે-હિર્સ

દીનાનાથ મોહે ડુબતાં તારો ઉગારો કરૂણા નઇયાસો
ભયકે ભવરનસે ઉદ્ધારો કરદોપાર ભવગાર મતડારો
તુમરોહી નામ નીશદીન સરનકો જગ મજ ઠામ
તુમહી દયાકે ધામ જીયામે હય હામ
તો કો તજે ડુબે સાગર ન સંસાર જાવે નહિ પાર રહેમજ ધાર
હોવે નીરાધાર તોરી લીલા જો કોઇ ભુલા વાંકો નાહિ ઠાર
હજારકો સંભાઆરો—તારો.

૪૭ સૌભાગ્યસુંદરી

મારા તનમાં મનમાં ભર્યો છે, ઠર્યો છે ભય જાઉં ગજ જોતી
વળી ગુમાવ્યું, મેં ભાગતાં ભાગતાં નકવેસરનું મોતી— મારા.
હાલવું ચાલવું હારી છું હાય, જીવ મારો ગભરાય
કેદી ફરી મારૂં મળશે મોતી, ગોરી હું કાઢીશ ગોતી–– મારા.

૪૮ પ્રહલાદવિજય

સમજી જનક રૂષિરાજ હાલો આપ સંગે આવું છું
સાથે રહીને સુબોધ પામીશ, એવું અંતર મમ ચાહું
ગોવિંદ ગુણ ગાઉં સંતોષ મન લાવું
સેવા આપની કરીને આનંદિત થાઉં— આપ.

૪૯ દેવયાની

જાશો ક્યાં દઇ વચન, નહિ કરવા દઉં ગમન
ધીરે ધીરે ખસવું, નથી ઘટતું પ્રાણધન પ્રાણધન પ્રાણ...
તરસાવી પ્રેમગન તરસાવો કાં નયન

શું હસી વસી ખસી જાવા થાય મન થાય મન જાશો.
મારીને ક્રૂર મદન, રસ રેડી પ્રિય વદન
ક્યાં તજી જશો કરો પ્યારા, શાંત તન શાત તન જાશો.

૫૦ ચંદ્રાવલી

લો ફુલ જાની લેલો લો ફુલ જાની લેલો
ફુલોમેં ફુલ ચંબેલી, નરગીસ બડી રસીલી ગજરે સોહાને લેલો–લો ફુલ.
આલન હું છેલ છબીલી ફુલોસે મય રંગીલી ચમ્પાહું નામીયારો–લો ફુલ.

૫૧ શૈલબાળા

અંતર છે એકજ બાળા, ગભરાના પણ દેહ દુર રસ વાળાં અધીરાકાં
બહુ દૂર પ્રીત જોઇ ચાળા–શરમાના— અંતર.
નદી નાવ સંજોગ મળેથી, મળાય છે જગમાં, પ્રીય પ્યારા–કરમ કરમ
આ દરશન અંતર સાલે રઢીયાળા સમજુ નહિ અંતર બાળે દુખીયારા
ભેદી તો ભેદ નિહાળે મુજલાલા, ધીરી બાળા મળશું પ્યારા
છેલી ભેટ કરો તન વ્હાલા-- અંતર.

૫૨ ઉદયભાણુ

રાજવી જાશોના તરછોડીને, અલબેલડા મનમેલડા, ઓ ઘેલડા–
મારા નાજુક જીવનહાર અલબેલીના આધાર હો– અલબેલડા
ખીલેલેપુરે બ્હાર સરવર, કળીઆ કોમળ
બાળે વરસીને અંગાર, જળ કણ પણ મળીને આગળ
દૂર દૂર જાઓ ગુણ દરિયા, કોને શરણે આતો કંગાળ
લાલા લાડીલી આ લાચાર, પ્રેમી પંખીણી પાલણહાર રાજવી.

૫૩ વીણાવેલી

અરે શું માનવનો અભિમાન પલકમાં ટળી જશેરે
ખરે જેમ પીંપળ ઉપર પાન પલકમાં ખરી જશેરે
પલકમાં ખરી જશેરે માટીમાં મળી જશેરે– અરે શું.
ઘડી જીવતરમાં ઘડી એક સુખની નાઆરે નથી
મુઢ મમતમાં તોયે મરતાં આ આ રેમથી
પામર નર નાદાન— અરે શું.
કાયા કલેવર કારમું, છે ગંદકીનો ગાડવો
સમજુ જને સમજી જઇ અભિમાનને વણસાડવો

અભિમાન કૃષ્ણિધરને નહિં દુધ પાઇને પેધાડવો
રાવણુ સરીખા માનવી લીધો નથી કંઇ લાડવો- અરે શું.

૫૪ માલતી-માધવ

ચાલ ચાલ ઓ અલબેલી, વળી વળી પાછું જુવે શું પ્રેમઘેલી
તારા ઉરમાં આનંદની હેલી, સાહેલી તારા ઉરમાં આનંદની હેલી
મળ્યાં હવે ભેગાં ચંપોને ચંબેલી-- ચાલ.
મારા પગનાં ઝાંઝરની ખીલી, વારે વારે પડતી ઢીલી
(ખીલી જેવી ઢીલી એવી તું એ છે હઠીલી) હવે ચાલ (આવીએ છીએ)-

૫૫ જગતસિંહ

અરે પ્યારે મેરે મઅેને તોરી કદર પહેચાની- અરે.
મન મોહેલામાં નહીં માને જીઆં, સમજાવો પીયા,
નસતાવો જીયાં જાનદીલબર- પ્યારે.
તેરે હીઝરમે જુતે હીલાજે, નહીં દીલકો મેરે કરાર હએ
નસતાતું બહેરે ખુદા, મુજે ગમસે શીના શીગાર હએ-પ્યારે.

૫૬ સતીદમયંતી

શંકર સર્વ દુ;ખ પરિહર, બાળકપર તું મયાકર
શુભ મતી દઇને તું કૃપાકર, અમપર, સ્હાય સદા તું કર-શંકર.
ઇંદ્ર ચંદ્ર સો દેવા, ધ્યાન ધરે છે તમારૂં, ઉગાર આ વાર

૫૭ રામરતન

સંસાર સમજીએ શાણુા-મુસાફરખાનું
કોઇ કોઇ આવે, કોઇ કોઇને જવાનું શાણુા--મુસાફર
કરમનું જોગનું છે સંજોગ, વિજોગ શાણુા--
પંથીડાને કાજે ઘેલા, રડયે શું થવાનું શાણુા--
રોઇ રોઇ આંસુડાંની, નદીઓ ભરે તોય શાણુા--
ગયુંતે ગયુંશું આવી, આંસુ લુછવાનું શાણુા--

૫૮ સુરેખા હરણ

કળથી બને તે ન બળથી બને છે, ભોળું હૃદય તે ન સમજી શકે છે-કળથી.
સુરેખા સુખી તો સુખી છું સદા હું, શ્રય એમનાંની ફીકર તો મને છે-
વળી પાંડવો ભક્ત મારા સદાના, ભજે એ મને નિત્ય તન મન ધન છે-

૫૯ રમારણજીત

શાને આલી મદઘેલી શરમાતી, સમજી ગઇ શું સાનમાં
મનની મેલી બહુ બકેલી બાળા, બકતી શું બેભાનમાં-- શાને
લટપટ કરતી બડબડ બોલે, જારે ભર જોબનનાં તાનમાં
ગોરી મનની ચોરી પકડી, તારી ચડી નવીન તોફાનમાં શાને.
નાનકડી જારે જારે જારે કે-લાજુ લાડી વાહરે વાહરે વાહરે કે શાને.
આલીઓ તરૂણ બાળા, કરે શું ચળેલ ચાળા
કરમાં લઇ કુસુમ માળા, રીજવ રણજીત રૂપાળા
બતાવે સતાવે, શાને સમજુ થઇ પેચોટી પકડી, પટ સમજી ગઇ
એ એ એ બોલે શું, એ એ એ ડોલે શું
રસીઓ મળતાં, અકળાએ શું થાએ, ચાલો રહીને માનમાં. શાને.

૬૦ સૌભાગ્ય સુંદરી

તાત શાને કરોછો આવું કુડું કામ-જેને રાખે શ્રી રામ
કરે સ્હાય ધનસ્યામ, તેનુ લેઇ શકે કોણ નામ- તાત
પ્રલ્હાદને પીડી હીરણ્યકશીરીપુ પિતાજી કમાણો સા દામ
ચુરે મ્હોતે મુવો પાપી અંતે થઇ બદનામ— તાત.
મોહી સતીપર શંભુને બાળવા, ભસ્માસુરે બીડી હામ
બળી ભસ્મ થઇ ગયો જાતે બનીને બેશરમ— તાત.

૬૧ દેવયાની

દયાના નિધીનો તનુજા, પ્રતિ આ કોપ ના ઘટે
કદી છોરૂ કછોરૂ થાય તોય પિતાની પ્રિતી ના ઘટે
પિતાની પિતાની પિતાની પિતાની પ્રીતી ના ઘટે- કદી.
ગુરૂ હું સુતા છું તમારી, મતિ શી છે મ્હારી
હજી મારૂં કેવું જ્ઞાન મોટું, વિચારો આમ ના ઘટે
વિચારો (૪) આમ ના ઘટે-- કદી.

૬૨ ઇન્દુમતી

નાના, નહીં બને, નહીં બને, વાત આવી
શરમ શરમ છેક તેં વિસારી સારી, નરમ નરમ બનું ના હું બીતી ધારી
પિતા પિતા ગઇ તમ સુબુદ્ધિ સઘળી, બકના-નહિ સમજે તું કેમ-નાના.
જોઉંછુ તુજ ટેક તું રાખે કેવી રીત, મન્ત બની, મદથી અતી
છોડી પિતા પ્રતિત-શરમ.

૬૩ રાજતરંગ

અવતાર લીધો અવની ઉપર, રમવા કુંવર નીહાળોરે-એ એ એ
પ્યારની પ્યાસી, થઇ વનવાસી, ધાર્યો છે આંહી ઉતારોરે
ફરતાં ફરતાં શોધ આદરતાં, થયો મેળાપ તમારોરે
કામણગારે કામણ કીધું, નેહ નાંખ્યો કંઇ ન્યારોરે- અવતાર
અનીરૂધે ઓખાતણું અંતર જીત્યું જેમ
કારા ગ્રહમાં કેદ થઈ કર્યું તમે પણ તેમ
આવ્યું અનાયાસ અમૃત ચાખો કરો સફળ જનમારોરે- અવતાર

૬૪ અશ્રુમતિ

શું આ નટવર વસંત થેઇ થેઇ નાચી રહયો,
નાચી રહયો જગ નચાવી રહયો. શું.
કોયલ મધુર મોરલી બની, છેડે નટવર કાન;
વિરહ ઘેલી ગોપી તણું, તજી નીકળી અભીમાન.
રસીઆ વિનાની બની બાળાઓ બ્હાવરી,
વેણું વસંત ચિત્ત વિંધી ગયો- શું.
શીતળ સુખકર પવનની, લ્હેર ઘુમે ચોપાસ;
જાણું રાધા કૃષ્ણજી, રાસ રમે છે ખાસ.
વિધ વિધ પંખીના વેણ ઘુઘરી ઘમકેરે,
મહીં મહીં મેનાના નાદ ઝાંઝર ઝમકેરે;
નવ પલ્લવ વાઘો ધરી પચરંગી શીરપાગ,
ફાગ લાગ સાધી રમે મદનરાજ મહાભાગ્ય;
લ્હેરી લાલાથી રમે લલનાઓ લાડમાં,
પ્રિતી ગુલાલ લાલ છાઇ ગયો- શું.

૬૫ ગોપીચંદ

જાવોજી જાવ કિસદાનકો ફુસલાને આયે
કિસકો બહદાને આયે કિસકો બહલાને આયે
ખાતો મે લાને આયે ઘાતોમે પાને આયે
પુરે નાદાન અપની નાદાની દિખલાને આયે- જાવોજી
આગે ઉસ્તાદકે ઉસ્તાદી કરને આના કયસા
દરિયામે ફેંકતે હો જાલપાની જાના કયસા

ફિરતે હો ઘેરે ઘેરે કરતે હો હેરેફેરે આતે હો મેરે ડેરે
જાતે હો બનકે ચેરે જા અબબન્દે અયસે ફ્ન્દે ગોરખ ધંધે
દેખે ક્યા હમકો સિખલાને આયે— જાવોજી

૬૬ અસિરેહિર્સ

તોરી છલબલ હય પ્યારી તોરી કલબલ હય ન્યારી
કરો ધાતે ન મોરે સાંવરીઆં જાન— તોરી
તેરી જુલ્ફે હય કાલી તેરે ગાલોપે લાલી
તેરી નયનાંકી લાગે કાટરીયાં જાન— તોરી
જાઓ જાઓ નાંદા મોહે ન બનાવો જાન
નયનોસે નયના મીલાઓ મોરી જાન— તોરી
અજી છોડોજી હાથ, કરો અકુરોસે ધાત, નહીં હોગી પ્હેચાત:
અજી વાહ વાહ વાહ-વાહ [૧] તોરી

૬૭ બીલ્વમંગળ-ઉર્ફે સુરદાસ

વિષય વાત મમ માત તજીને કૃષ્ણ ભજન તું કરવા દે
ધર્મ વૃત્તિએ ધરણી ધરનું ધ્યાન વૃતિથી ધરવા દે
અધમપણાને અલગ રાખી ભંડાર ભક્તિના ભરવા દે
નટવર નામનું નાવ મળ્યું છે, તો ભવસાગર તરવા દે
નાશવંત નર નામ છોડીને, અક્ષય વરને વરવા દે

૬૮ ઉદયભાણ

બોલો મારા પ્રેમી પોપટજી બોલ બોલો-બોલો બોલો મેના બુલાવે
ડોલો રંગ રસિયાજી ડોલો જરા ડોલો-ડોલો ડોલો પ્યારી ડોલાવે
મેના તારા વચનની વેણુ વાગી-લાગી લાગી લલિત સ્હે લાગી
મેના વ્હાલી મેના કે ના કહે પણ જાગી-જાગી જાગી અજબ
જ્યોત જાગી
પ્હેલાં પોપટજી પ્યારા રામજી સંભારો-વ્હા વ્હા મેનાં શું સતી
સતી સીતા વીસારો
ચતુર સુજાણ સીતા રામ ઉચરાવે-પોપટજી પાંજરૂં સોનાનું સજાવું
લાડલી હું લાલચુ નથી કે લલચાવું સોને રૂપે શું ભીડ ભીતરની ભાગી
રૂડા સુડાને રંગે રંગે રમાડું પાંખે ધાલીને ફળ મીઠાં ખવાડું
ભાવનાં ભુખ્યાં શું ભાવી ભાવના ભુલાવે- બોલો

૬૯ વિક્રમ ચરિત્ર

માથે મટુકી લઇ જાઉં પ્યારા લ્હેરી લાલાને દુધલડાં પાઉં- માથે
હું ગોવાલણુ નાની નારી, પ્યારો મારો છે વીહારી
રંગે રમાડી રીઝાઉં- પ્યારા લ્હેરી

૭૦ ભક્તિ વિજય

હઠ છોડો-હાંહાંરે-હઠ છોડો જૂદોજ એ છે પંથ પ્રેમનો
વ્હાલા મીરાંને નાશકું વખાણુી- હઠ
નિપટ રીતે નંદલાલ આપની અપાર છે
ચાલોજી બતાવો આપ કોણુ એવી નાર છે-વાહ (૪)
નિરખી રીત ધરીશ-ચિત્ત ન કરો માન તજો ગુમાન-હા-હઠ

૭૧ ખુબસુરતબલા

જલ થલમે તોહે પલ પલમે તોહે દાતા બીધાતા, બખાને હય-જલ
પ્રભુ નાથ જગ મગાત, જગ અનુપ, રૂપ દેખે કીરતી ગાવે હય-જલ
છુપાલે દામને રહેમતમે ઇન ગુનાહો કા ઇલાહી તુજકો ગફુર
રહીમ કહેતે હય
કહી કહે ન અદુ દેખકર જલીલ હમે યહે ઉસકે બંદેહય જીસકો
કરીમ કહેતે હય
કષ્ટ હરન તુમરે ચરન ગુનીયન આયે હય- જલ

૭૨ ચંદ્રહાસ

ઓ પ્રિયા ધન્ય છે તમારૂં હેત સાચું પ્યારૂં
ભુલ્યાં નહિ તમો ચિતથી મુજને રૂપ શીળ વારૂં (૪) ઓ પ્રિયા
તમો સુનયના મુગ્ધા ન વોઢા મુખ તેજ નિરખું ન્યારૂં (૩) ઓ પ્રિયા

૭૩ સ્વામીદાસ

પીયાકો સંદેશો મોરા કહીયો જાય કાગા જારે જારે- પીયા
યાદ આવત ઉનકી બતીયાં મોહે ઉન બીન દેખે મોહે કલ ન
પડત જારે જારે-

૭૪ સ્વામીદાસ

ગોરી ગા ઓરી તિલાના બસંતકા— ગોરી
ઉધે ધીમ, તધીમ તાના, નાદરદાની તારેદાની
નાદર, દર, દર, દર, દર, દર દર-ગિરધરકો રીઝાવો- ગોરી
સા...રે...ગમ...પધ...નીધ...નીધપમ, ગરે મગરેસા
ધાકીટતક, ધુમકીટટક, ધીતા કડાન, ધાધા, ધા— ગોરી

૭૫ સ્વામીદાસ

અલબેલડી લાડલી રાધકા લાડ કરત લલના કે સંગ
હસરસકે બતીયાં કરત પ્યાર- અલબેલડી
રએસ રએસ ડોલે, અંગનમે સંગ લીએ ધરનીધર ઠાડી
અચરા જોબન મોસે કરત પ્યાર- તુંતો નવેલી

૭૬ તબદીલે કીસ્મત

આગ તન મન લાગી કયસે બુઝાવું કયા બતાવુ કયા સુનાવું
કલ ન પાવું જીસે જાવું એએએ કીસકો દીખલાવું= આગ
હાય ગઇ મય હાર પાસ નહિ વોહ યાર દાતા કયસે રહું મન માય
કંથ બીના મોહે કામની આવે કયસે કરૂં કીરતાર (૨)
આજા જલદી ઓ પ્યારે ઓ ન્યારે જરી સુખ પાવું
મંએ તુજપર બલજાવું— આગ

૭૭ માલતી માધવ

લ્યો સુંદરી સુમનની માળા, જઇ કહેજો પ્રણામ અમારા
માળા નહીં પણ વરમાળા, સુંદિર વર એ શરમાળા— લ્યો
મુખ દર્શનથી મન ચોરી ચીત્ત હરી ગઇ બાલ ચકોરી
તમે કિશોર એ નવલ કીશોરી મટકે મોહયા મટકાળા- લ્યો

૭૮ ખાન્દાને હામાન

કરમ કર મેરે હાલ પર અય કરીમ તેરા નામ રહેમાન હય
અકર રહીમ- કરમ
તુંહી દોનો આલમકા સુલતાન હએ જહાંમેં નુમાયા તેરી
શાંન હય-
ફના હોને વાલા હય સબ કારોબાર રહે નુર તેરા સદા આશકાર-

૭૯ ચંદ્રહાસ

રે ના બોલો આવી વાત દિલમાં શું વિચાર્યું— રેના
શું રે કલંક દેવું રે, આ શુણશે જો તમ તાત
થાશે તો મહા ઉત્પાત, કાઢે મુને મારી લાતરે— રેના
હું નોકર છું તમ દાસ, મારો શો ધર્મજ ખાસ
આવું સુણતાં હું ઉદાસ ને— રેના

૮૦ મહા કવિ-કાળીદાસ

કાગ વીરા વેગે વાલમને દે જા દુખીનો સંદેશ
જોગણુને વેષે વિજોગણી કે જા ભમે દેશો દેશ—
જામે જીતની બુધ હયે છતનો કહે બતાય
વાકો બુરો ન માનીયે અઉર કહાંસે લાય
ગાગરનાં પાણી ઝુકી છળે સાગર ન માઝા મુકી છળે
નીતિનો ધારો એ ધારો પ્રાણેશ દોશો ન ધારો પધારો પ્રાણેશ-કામ

૮૧ નરસિંહ મહેતો

મુજને તજી નહીં જા, પ્યારી ઓ બ્હેની
વિર વિર કહેતી બચીઓ લેતી, થા તું નમેરી કાં— પ્યારી
રમી મુજ સંગે જમી ઉછરંગે, હવે પંખીડા ન થા— પ્યારી

૮૨ ભક્તિ વિજય

હું પામું હર્ષ ભારી, શુદ્ધ ભક્તિ જોઇ તારી— હું પામું
નિરમળ છબી નિહાળી વિઠલ જાઉં હું વારી— હું પામું
મીરાં તું ભક્ત, મારી છો પ્રાણ તુલ્ય પ્યારી
ફરી દીન દાસી ધારી મળજો મને મુરારિ
વર વિશ્વના વિહારી— હું પામું
થાય નહિં ઉરથી અલગ, પલ પણ તારો પ્રેમ
ધન્ય ધન્ય ગીરધર ધણી, રાખી મીરાં પર રેમ વાહ (૩)

૮૩ જુગલ જુગારી

વ્હાલમજી સાડી ગુલાબી મંગાવો પોલકા બનાવો મોતીડાં ટંકાવો
બંગડી બે હીરાની મોંઘી મડાવો જડાવો—વ્હાલમજી
સુરતમાં જણાય છે ધુતારાનો ઢંગ જેવો વાનો પુરશે તેવો
ચઢશે રંગ
હાંસીના હુલાસમાં, રસીલી ના રીસાહીએ—વ્હાલમજી

૮૪ જહેરીસાપ

ચલા જારે એ દરદી સિપહીયા, હરજઇયા, વાહિયા, તોરે સંગ નાહિ બોલતી
ગરજઇયાં, દુખ દઇયાં, હર જઇયાં વાહિયા— તોરે સંગ.
માનો માનો માનો જી માનો, વાએદા હમારા જુઠા ન જાનો
આંખોસે આતા, મહકાજે પાતા, પ્યારીકો મએ અપને ગરવા લગાતા—માનો

૮૫ કામલતા

દિલ મારૂં માને નહિ મનડું ઠરે નહિ ત્યારે કરૂં શું તાતજી
મેં જોયું ફરી ફરી જોડી મળે નહિ કોને વરૂં હું તાતજી— દિલ.
નેણે પ્રીતી ઝળકી હતી અહીં આવતાંજ સમાઇ ગઇ
ઉર્મી અંતર ઉછળી હતી નૃપ દેખતાંજ દબાઇ ગઇ
હીરલો અમુલ્ય ખરીદવા, ઉમંગ ભર આવી અહીં
પણ અંતરે અંકુર ન ફુટયાં પ્રીતી પ્રગટાવી નહીં
છતી આંખે દીવો લઇને પડી કુવામાં, હું ડુબી મરૂં શું તાતજી-દિલ.

૮૬ શૈલબાળા

મન છાંડ તું અજ્ઞાન ભાન ભૂલવું નહિ
એક પ્યાર અલખ તાર મહી રાખવો સહી મન.

વસ્તુ ખરી શી જાણવાની જગતમાં કહી,
તે જાણીને પુરે પુરી પરમાર્થને ચહી મન.

રહો રાય રંક એક ઇશ સમજી હે તુંહી,
તું વિના વૃથા સહુ ઉપાધીયો રહી- મન.

૮૭ હારજીત

છયલામેંહું તોપે કુરબાન મોરે પ્યારે- છયલા
મોરા સાંવરા રંગીલા પારા, વોહ તારા માહ પ્યારા-
તુ તો મેરા મોહન ધની, તુંતો મેરી મોહન બની-અછી બની
અજબ જાની મીલી શાદમાની મીલી કામરાની મીલી
વાહ વાહ કયસા બના હાં હાં હાં હાં- છયલા

૮૮ પ્રહલાદ-વિજય

ભક્તિ નઉકમાં બેસીનેરે ભવ તરીયે
ભવ તરીયે જગથી શાને ડરીએ (૨) ભક્તિ
અમૃત અળગું કરી, વિષ શીદ પીજીએ
સઇયાં છોડીને શીદ ભૂખી ઠરીએરે- જગથી
જુઠી છે જગની માયા પ્રભુ પદ સાચું રે
હેતે કરીને હરિવર વરીએરે— જગથી

૮૯ હરિશ્ચંદ્ર

જય જય ઇંદ્રાસન પતિ આની, જય સુર પતિ શની ઇંદ્રાની
રસિયા રસખાની આગમ જાની, દાની સાહસ અભિમાની— જય
સુરજન પદ સંગી સુખદાની, દુરજન પદ ભંગી દુખ હાની
ભગતી ભગવાની ગંધર્વાની, ગાતી તુમદરતાદાની
તોરી મુલતાની કાશી ધાની, રંભા મેનકા પટરાની— જય
કરૂણાકે સાગર ગુણુ કે આગર, નટવર નાગર નીરમાની— જય
બાદલ બિજલી બર્ખા પાની, પાઈ સબપર હય પરધાની
હય પાનીસે આબાદાની, ઝનનન, ઝન, ઝન, ઝન
નારદ સારદ મુનિ સ્યલાની, મહિમા સબને હય પહચાની
ઇશ્વર ધ્યાની સુરનર માની જશકે જાની જાવેદાની
ઝનનન, ઝન ઝન ઝન સનનન સન સન સન છનનન છન છન છન—

૯૦ અશ્રુમતિ

આવો આવો ચતુર સુજાણુ–ધીરેધીરે–આવો
આવીજી (૪) કરતાતાં શું દીસોજાન શાહજાદા
શાહજાદો પણ ગઉર વદનનો ગોરી થયો છું ગુલામ
પ્રેમ રાજમાં પદવી પ્રિયા નહિ ગુણીયલ હું તારી ગુલામ
કાય બીજે હરામ હું સલુણી તું શ્યામ—આવા

૯૧ રમણસુંદરી

ખીલો જોબનની કળી કરમાઇ જાય છે,
પીયુ ભમરા વિનાની વેલી ઘેલી થાય છે
ઝુલે જુવાનીમાં ડોલંતી ડાળીએ,
રસિયા વિનાની મુંઝાઇ જાય છે— પિયુ
પ્રેમીના પંથનો જે ગ્રંથ ગુંથેલો
રસીલો નહિં ભેદુ વિના પરખાય પ્રિત પુષ્પ વેલો
જોડી વિના જુવાનીનો જુવોની રંગ ઝરો
ઝરે છે પ્રેમહીણો પ્રિત કુવામાં અધુરો
જાઇ ભેટું રસિયાને રમણી હું દીસે–એમ થાય છે— પિયુ

૯૨ માલતી–માધવ

હાંરે ખીલી ખીલી રૂડી ફુલવાડી–ફુલે ભરપુર છે (૩)
મન મારૂં મળવા આતુર છે

કુમારી તારૂં કેવું અજબ પ્રેમ નુર છે— ખીલી
ચીત હરનારી ચતુરા ચતુર છે મધુરીની વાણી કેવી મધુર છે-ખીલી

૯૩ વિજયા—વિજય

બલમારે ચુંદરવા મોહકું લાલ મંગાદે
જેસી તોરી પધીઆં બાલમ લાલ રગાદે- બલ
રંગ રંગીલી અફર ચટકીલી, મોર મોર મંગાદે- બલ
ઇસ દુનીઆ દરમીઆન ના કોઇ વતનદાર રહેવાશી
કોઇ આજ ચલે કોઇ કલ મુસાફિર હય સબ પરદેશી
નગર તુમારા રખો મુશાફિર ચલે વતન અપને
બોલા ચાલા માફ મિલેગે ફિર કબુ સપને— રંગ

૯૪ જગતસિંહ

ચાલો ચાલોરે સખીઓ સહુ સાથ,
પરમ પવિત્ર પુજ્ય પિતાજી પધારે- ચાલો
ઉમંગ ભરીની સંગ રંગ કરીને ચાલીએ સહુએ પ્રેમ ધરીને
લટકો મટકો ચટકો વાહ, વાહ, વાહ,
(૨) રંગીલી રસીલી છબીલી તું નાર
વ્હાલી ન સતાવો ન મુંજાવો વેગે ચાલો— ચાલો

૯૫ ઉદયભાણ

અલબેલા લટકાળા વ્હાલા પ્રીતમ ઠાકોર મારે મન વસિયા
રસઘેલા રીસાળા બેઠા દેવના દેવળ માંહી રંગ રસીયા
પ્રીતિ પંચામ્રતે પાતળીયા પખાળું વચનને ફુલડે વધાવું
હેતના હીંચોળે હળું હળું હીંચાડું હોંસે હસીને હસાવું
શ્રૃંગાર સજી સજાવું ભાવે ભોજનની થાળ ધરાવું
બરફી પેંડાને મ્હેસુર પ્રેમ ભાવના ધારીપુરી કચોરી શુદ્ધ સ્નેહવાસના
ભાવના ભુખ્યા દેવ ઉઠયા લેઇ વાસના
પેંડા પરસાદના વ્હેંચું છું ઉલ્લાસના

૯૬ ભુલભુલઈયા

છાંડ ચલે મન પરદેશી (૨)
બન બન ભટકત હાયે હાયે અબ કબલગ ફીરકર આનાજી
છોડ નગર ઘર જોગ પાએતો હરસે ધ્યાન લગાના- છાંડ ચલે

૯૭ સરદારબા

હાંરે મોરી લાગી સજનસે લગનવા હો લગનવા રે લગનવા- હારે દિયો દિલદાર તોહે સારો જોબનવા, વાહ વાહ જી (૩)-વાહ હારે સમાલો નેનન અયેમોરે સાજન લાચાર મેં લાચાર મેં લાચાર હું યાર દિલદાર મેં દિલદાર મેં દિલદાર હું યાર—

૯૮ સૌભાગ્ય સુંદરી

પ્હેરી ચોળી લટકા મટકાં કરતાં આવ્યા
રંગેબોળી સાડી ઓઢી મન લોભાવ્યાં- પ્હેરી
ઝાંઝરનારે ઝણકારે કર કંકણુના ખખડાટે
કાજળથી નેત્ર દીપાવ્યાં— પ્હેરી
હવે શરમાવો ઠાલા શાને દીયરજી મારા
બોલો બોલોજી બોલો બોલો
મેં કેવા તમારાં નખરાં તો જણાવ્યાં- પ્હેરી

૯૯ મોહિની ચંદ્ર

આવશે પ્યારી આવશે પ્યારી આવશેરે
અહોહોહો મારી હૃદયરમણી પદમણી પધારશેરે
હીરા મંગાવું કે મોતી મંગાવું પ્યારીનું મન માનશેરે— અહોહો
માળા મંગાવું કે ગજરા ગુંથાવું સુંદરીને શું ફાવશેરે-
ચંબેલી લાવું કે હીનો લગાવું રસીલી શાથી રાચશેરે—
લાડુ મંગાવું કે ઘેબર મંગાવું મોહીનીને શું ભાવશેરે-

૧૦૦ જાળંધર અને સતી વૃંદાં

વાહવા વઇકુંઠના વાસી વ્હાલા વિશ્વાધાર
ત્હારી ચતુરાઇ ન્યારી ન્યારી બલીહાર- વાહવા
કંઇક કળા જોડી મધવાનું માન મોડી
જાળંધર જાળમાં ફસાવી કર્યો ઠાર- વાહવા

૧૦૧ નરસિંહમહેતા

વારી વારી શું શોભે છે વીરો બીજા પાંચીકા ને પોતે હીરો-વારી પીરસું બોબલીએ ખાંડુ ને ખીરો દેશે બેનને બહુ હીર ચીરો ધરણીધરનો સેવક સદા ધીરો જેને નીરખીને લાજે અમીરો- વારી

શુભ ચાહક જગ વિરનું બેન વિના નહિ કોય
વંશ વધારક તાતનો દીર્ઘાયુ તવ હોય
આપ તું આશીશ સુખડાં પામીશ દુખડાં વામીશ બેન—
ધન ધન મારી બેનડી વિણ સ્વારથ તુજ પેર
સ્વારથ સહુ સંસારમાં નહિં નરસિંહને ઘેર
સાચી સાચી પ્રીત ચોટી તારે ચીત ગાતું મ્હને ગીત બ્હેન—

૧૦૨ પ્રતાપ-વિરવિજય

સરરરરરરર મેઘ વરસે ચમકે ચપળા ઘન નહીં
ફરરરરરરર બુંદ પડતાં, સૃષ્ટિ સકળ શોભી રહી
મયુર મનહર કરીને ટહુકાર દે વધામણી મેઘની
ચતુર નર નારી ઉમંગે ગાય તાન લહી લહી— સરર
શી અજબ શોભા બની પ્રાવટ રૂતુથી ભુપરે
વાહ વાહ વિભૂ તમારી કૃતિ કવિ ન શકે કળી— સરર

૧૦૩ રમારણજીત

રમા રમા રહો જપતી જીવ્હા મારીરે
લગાડી લે રમા તેં તો રણજીત ચિત્તને—
નથી દશે દિશામાં રતન તુજ સમુરે રમા કોઇ
સુરતી તારી અંતરમાં મેં ધારીરે—
જગમાં મળે નહિં જોડી તારીરે, ગે તી વળ્યો ગામેગામ વનવાસને
સુંદર ચીત્રમાં જોઇ વળ્યો, તુંને પુરી નહીં આશને
તારી કવિતા કરી કાઢું દિવસ દુખ હારીરે— લગાડી

૧૦૪ ભોજકુમાર

લાડકડી લટકાળીરે ચાલે લટક ચટક લટકાળી-હાંહાંરે
એ લટકેરે મોટા મોટા મુનિનાં માન લીધાં-મોટાં
સોનાં રૂપાનું બેડલુંરે સઇયર પનઘટ પાણીડાં જઇએરે-મોટા
પરણ્યો ઝુલાવો પારણેરે સઇયર કામણ ટુમણે વશ કરીએરે—
જાદુ ભર્યાં નેણુ ભોળાં ભયક વેણું-નખરેથી ભય હરીએરે—

૧૦૫ રાજતરંગ

પુરણ પુજ્યાં પ્રીતમજી શ્રી હરિ, નહિં તો ક્યાં આપને હું વળી—
લલીત લલના લગન લાગી ખરી, પુરવ પુન્યે પ્રીયા પામ્યો પરી

જાણુતી નોતી થશે શું પળમાં-નિરખી નરવર નિરખી નરવર
બની હું બાવરી—પુરણુ
પુષ્પ શીરોમણી પારી જાતક, માનની મનહર માનની મનહર
દીસે તું સુંદરી—લલીત

૧૦૬ મદીરા

સખીઓરી ખેલોરી...ખેલો ખેલો ખેલોરી- સખી
દોલી, ઇંદુ. નંદા, ચંદા, ના છુપી જાઓ, સંતાવો સંતાવોરી-સખી
નંદા આવે નંદા, હાં આવીજા વારો, ઇંદુનો બિંદુનો, ચંદાનો, નારેના
સંપીને ખેલોને શું હડશેલોરી— સખી

૧૦૭ ઉદયભાણુ

અહો દીલદાર જરી દે દાર, દીવાનીને દેખાડોને
અરે લટકી અધર લટકી મરૂં ફટકી જીગર પટકી—અહો
અરે આ॰ાર સુધારસ સાર ચતુરાને ચખાડોને
મુખે અટકી મધુર મટકી અરે છટકી અધર છટકી—અહો
દિલની થાપણુ ઓળવી ઘટે ન કરવી ઘાત
પ્રાણુ કહોતો પાઠવું વાલમ કરવા વાત— અહો

૧૦૮ અસિરે હિર્સ

મુજે મંગવાદો જાન, સલમે સીતારેકી અંગીયાં
ગાલમે લાલી કાનમે બાલી, મેંતો પહેનુંગી પ્યારેકી અંગીઆં-મુજે
અપને સઇયાકી બાલી મે ભોલી, મુજે લાદો બનારસકી ચોલી
જીસમે આલા હો મસાલા લાદો કાલે કીનારેકી અંગિયા- મુજે

૧૦૯ નરસિંહમહેતો

પુરણુ પામી પ્રીતેથી શણુગાર પૂજું પુરૂષોત્તમ નિરધાર
હીરચીર પટહાટક હીરા ઓઢું અંગ ઓપાવો માત
એથી અધીકું અંગ ઓપાવે, હરિ કિરતન જિવ્હાપર આવે-પુરણુ
કૃષ્ણુ નામનાં કંકણુ રૂડાં, હરિ કિ નામના હારો માત
ચીર ચત્રભુજ નામ તણું, શું પીઅરથી એ કરીઆવર- પુરણુ

૧૧૦ દેવયાની

માજી મેં જોડયો આ પ્રીતમમાં પ્યાર, વરૂં તો એને વરૂં હું એને વરૂં
એ છે મારો હું છું એની એ મમ હઇયા હાર

એના વિના હું નજરે ન દેખું, સાર રહિત સંસાર— વરૂં તો
સ્વપ્નામાં આવ્યો મનને ભાવ્યો, સફળ થયો અવતાર
ચિત્ત ચોરાયું તેથી જાણ્યું ગત ભવનો ભરથાર— વરૂં તો
નેણુનો તારો કરૂં ન ન્યારો, પ્યારો પ્રાણાધાર
ખત ધરી એની ખોળ કરાવો વિનવું વારંવાર— વરૂં તો

૧૧૧ મુરીદેશાક

જગવાલી, તે હારી, કરતારી કે વારી— જગ
ગુલકારી કુદરતકી હય સગરો જગબારી— જગ
લખત લખત તુમરો સાર ફુલ પાત ડાર ડાર
કોઇ ન પાયો ગુનકો પાર હશ્ર જગત હયહારી— જગ
રામ ઝરૂખે બેઠકે, સબકા મુઝરા લેત
જયસી જાકી ચાકરી વયસા વાકો દેત
તું માતા તું પીતા પ્યારા તું ત્રાતા તું દાતા ન્યારા
તોપે તન મન ધન હય વારા— જગ

૧૧૨ જગતસિંહ

વાહ રસિલાની પ્યારી તું
હાં હાંરે રસિલાની રામા હું છું પુર્ણ પ્રેમથી— રસીલા
ભોળાને ભમાવી કીધો, છેક દૂર શું
રંગમાં રમાડી ખરા સ્નેહથી જમાડી
બની ઠીક તું અનાડી રસીલાનું જોવા પાણી
સંગે રાખી નીશદિન અરપીશ તન મન નાચું તો થનગન
આવો ફક્કડ મુકી જક્કડ ચાલું અક્કડ,
વાહ પ્યારી, સુખકારી, દીલમાંહી વસનારી તું— રસીલા

૧૧૩ પારસમણિ

દુનીઆં દોરંગી દોરંગી, સદા સજ્જનની નહી સંગી— દુનીઆં
વિનાશ કાળે વિપરીત બુદ્ધિ ફેલે જ્યારે જનમાં
સવળું કહેતાં અવળું સમજે, મર્મ ન લેશે મનમાં— દુનીઆં
પ્રપંચી પાલખીયે બેસે, સાચાને શીર ભારો
સાચું કહેતાં મા પણ મારે, અવનીમાં એ ધારો— દુનીઆં
હાજી હાજી કહેશે જે જન, રાજી તે પર રહેશે
પાજી બાજી તાજી જગતમાં, દમામથી દમ દેશે—

૧૧૪ 'માલતી માધવ
માળા જપું છું તમ નામની રંગીલા છેલા
દાસી તમારી એ બદામની આવો અલબેલા
મોહનજી છો મદઘેલા પુજુ હું તમને પ્હેલાં
સેવા કરૂં હું સુંદિર શામની— રંગીલા

૧૧૫ જહેરીસાપ
કહું:કાસે શરમકી હય બાત–મુશ્કલસે કટતી હય રાત– નિગોડી
મોરી સુની હય બગિયા માલીસે ખાલી, ફુલે હય ફુલ ફુલ પાત–દઇરે મોરે
ગયા પહેલા જમાના અબ તો નિમાના ગદરા ગયા ગોરા ગાત
સુઇ ચોલી ન અંગમે સમાત–નેગોડી-મુશ્કીલસે

૧૧૬ ખ્વાબેહસ્તી
હાંરે સઇયાં પડું મે તોરે પઇયાં સતાવો નહિ મહેકા
પીયા પ્યારે સઐાતનપે જાઓ ન વારી મોહે બીર હાકી મારો ના કટારી
કટારી મોરે સઇયા ન મારો મોરે સઇયાં પલપલીયાં તલમલીયાં
એ કલીયાં હોરલીયાં—હાંરે
બીરહાકી મારી મેં તો રાર કરૂંગી, નીકસ નીકસ જીયા જાએ
મુજે કાહેરે સતાવે, બીન પીયા જીયા જાએ
જી જલાએ કલપાવે, તરસાવે તડપાવે— હાંરે

૧૧૭ હુસ્નઆરા
પ્યારી બહેરે ખુદા દીલકો સંભાલીયે, નાહક રંજન પાલીયે–પ્યારી
જો ગમ ખાએગી તો પછતાએગી, દીલસે ખીયાલ ગેટાલીગે-
વો ઘડી આએગી, પીયાકોભી પાએગી, તબ અરમાંન નીકાલીયે-

૧૧૮ ખુનકા-ખુન
જગતકે વાલી, ચમનકે માલી, શાનપે તેરી જાએ હમ વારી
કુદરત ગુલકારી, ન્યારી તે હારી– જગ
કોયલ કુકુ ભજન ગાએ, પપૈયા પીહુ પીહુ સુનાવે
હાસીદ કે મન તોરી નીરંજન, બસી છબ હય પ્યારી પ્યારી –જગ.

૧૧૯ અસિરેહિર્સ
અંબ વાંકી ડાલી તલે આલીરી ઝુલના ડલાદે–ઝુલના ડલાદે
મોહે પીયા સંગ ધરકે ઉમંગ, ઝુલ ઝુલાવ, રેશમકી ડોર બંધાદે–અંબ
ઝુલને વાલી હય રશ્કે ગુલે લાલા ઝુલા,

જાકે બુલબુલ તું રંગે ગુલકા બનાના ઝુલા
આજ દીખલાવેંગા અંદાજ નીરાલા ઝુલા,
